પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક : ૫૨ કુલ પાના : ૪ તારીખ : ૨૧-૧૦-૨૦૨૪ સોમવાર કિંમત રૂા.૧.૫૦/-


આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કચ્છના ધોરડોમાં રણોત્સવની તૈયારી, આ વર્ષે ૧૨૪ દિવસ માટે રણોત્સવ યોજાશે



ભુજ

દેશ-વિદેશમાં એક પ્રતિષ્ઠિત પર્યટન સ્થળ તરીકે વિખ્યાત થઈ ચૂકેલા કચ્છના ધોરડો ખાતેના સફેદ રણમાં દર વર્ષે પ્રવાસીઓ માટે નવા નવા આકર્ષણો ઊભા કરવામાં આવતા હોય છે. "કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા" પંક્તિને સાર્થક કરતું અને દેશ વિદેશના પ્રવાસીઓને આકર્ષતું રણોત્સવ કચ્છના સફેદ રણમાં યોજાય છે. વર્ષ ૨૦૦૫થી રણોત્સવની શરૂઆત થઈ હતી અને ૩ દિવસનો યોજાતો રણોત્સવ હવે ૧૨૪ દિવસ માટે યોજાઈ રહ્યો છે અને દર વર્ષે લાખો પ્રવાસીઓ કચ્છના સફેદ રણની મુલાકાતે આવે છે. ત્યારે રણોત્સવનું આયોજન કરતી કંપનીઓ દ્વારા પણ દર વર્ષે જુદી જુદી થીમો પર રણોત્સવ યોજાતું હોય છે.

રણોત્સવ જે ગામ પાસે યોજાય છે. તે ધોરડો ગામને યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરીઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિશ્વના શ્રેષ્ઠ ટુરીઝમ વિલેજનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. છેલ્લાં ૨ દાયકામાં સરહદી જિલ્લો કચ્છ ટુરીઝમ ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચ્યું છે. વર્ષના અંતે પ્રવાસીઓ માટે કચ્છનું સફેદ રણ અને રણોત્સવ હોટ ફેવરેટ ડેસ્ટીનેશન બની ચૂક્યા છે.

કચ્છના સફેદ રણમાં યોજાતો રણોત્સવ એટલે કે, કચ્છની કળા, સંસ્કૃતિ, મહેમાનગતિ, પરંપરા, સંગીત અને ભાતીગળનો સંગમ, દર વર્ષે રણોત્સવમાં પણ પ્લાસ્ટિકનો ઉપયોગ ન્યૂનતમ થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. તેની સાથે જ લાકડાનો ઉપયોગ વધારે કરવામાં આવે છે અને પ્રવાસીઓની ટેન્ટ સિટીમાં અવરજવર માટે ઈલેક્ટ્રીક વાહનોની સંખ્યા અને સાયકલોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવે છે. પર્યાવરણની જાળવણી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટનું ધ્યાન રણોત્સવ દરમિયાન રાખવામાં આવે છે.

આ વર્ષે ૧૧ નવેમ્બર ૨૦૨૪થી ૧૫ માર્ચ ૨૦૨૫ સુધી રણોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. દિવાળી વેકેશન પણ આ જ સમયગાળા દરમિયાન રહેતું હોય છે, ત્યારે કચ્છ અને ગુજરાત સહીત વિશ્વભરના પ્રવાસીઓએ રણોત્સવની ટેન્ટ સિટીમાં અગાઉથી જ બૂકીંગ કરાવતા હોય છે અને નિયત બુકિંગ મુજબ તેઓ આ વર્ષે રણોત્સવની મજા માણવા કચ્છ આવી પહોંચતા હોય છે. આ ઉપરાંત કચ્છનો અમૂલ્ય વારસો અને વૈશ્વિક ધરોહર વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરાથી કચ્છના સફેદ રણ સુધી રસ્તો બની જતા હવે પ્રવાસીઓ રોડ ટુ હેવન મારફતે સફેદ રણ ઉપરાંત વૈશ્વિક વિરાસત ધોળાવીરાનો નજારો પણ માણવા જતા હોય છે.

વર્ષ ૧૯૯૨માં એક વખત પ્રવાસન વિભાગ દ્વારા કચ્છોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ વર્ષે ૨૦૦૫માં રણોત્સવની શરૂઆત તે સમયના તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરાવવામાં આવી હતી અને તેઓ જાતે પણ કચ્છના રણોત્સવમાં હાજરી આપવા આવતા હતા. વર્ષ ૨૦૦૫થી હાલમાં ૨૦૨૪ સુધી દર વર્ષે રણોત્સવમાં સુધારા આવ્યા છે અને દર વર્ષે અલગ સ્તર પર રણોત્સવને લઈ જવામાં આવી રહ્યું છે.

રણોત્સવમાં આવેલ ટેન્ટ સિટીમાં ૩૫૦ જેટલા ટેન્ટ હોય છે. રણોત્સવમાં ધરતી પર જાણે દૂર દૂર સુધી સફેદ ચાદર બિછાવવામાં આવી હોય તેવો કુદરતી નજારો જોવા માટે પ્રવાસીઓ સફેદ રણની મુલાકાતે આવતા હોય છે. જોકે આ વર્ષે હજુ સુધી કચ્છના રણમાં ભારે વરસાદના પગલે પાણી ભરાયેલું છે અને મીઠું પાક્યું નથી. ત્યારે આ વર્ષે સફેદ રણનો નજારો માણવા પ્રવાસીઓને રાહ જોવી પડશે.

રણોત્સવની મુલાકાતે આવતા લાખો સહેલાણીઓના પગલે ગુજરાત ટુરીઝમ વિભાગ અને રાજ્ય સરકારને કરોડો રૂપિયાની આવક ઉભી થાય છે. ઉપરાંત દેશ વિદેશના પ્રવાસીઓ કચ્છની કલા અને સંસ્કૃતિના દર્શન કરે છે અને કચ્છની મહેમાનગતિથી પ્રભાવિત થાય છે. દર વર્ષે રણોત્સવમાં આવતા પ્રવાસીઓ કચ્છની વિવિધ હસ્તકલાની વિવિધ વસ્તુઓ ખરીદી કરી શકે તે માટે હસ્તકલા સ્ટોલ ઉભા કરવામાં આવે છે અને સ્થાનિક કારીગરોને પણ રોજગારી મળી રહે છે.

દર વર્ષે રણોત્સવમાં અવનવા આકર્ષણના કેન્દ્રો ઉભા કરવામાં આવે છે. દર વર્ષે જુદી જુદી થીમ પર રણોત્સવનો આયોજન કરવામાં આવતો હોય છે. રણોત્સવમાં અતુલ્ય ભારત, રણ કે રંગ, રણ કી કહાનીયા વગેરે જેવી થીમ રાખવામાં આવે છે. સફેદ રણમાં દર વર્ષે પ્રવાસીઓ માટે ટેન્ટ સિટી ૪ મહિના માટે બંધાય છે. જેમાં ૩૫૦ જેટલા ટેન્ટ નવ ક્લસ્ટરમાં ગોઠવવામાં આવે છે. આ ઉપરાંત દર વર્ષે કચ્છના દરેક ખૂણાના કારીગરો માટે લાઈવ ડેમોસ્ટ્રેશન રાખવામાં આવે છે, જેમાં જિલ્લાની આઠ ખ્યાતનામ હસ્તકળા માટે સ્પેશિયલ વ્યવસ્થા કરવામાં આવે છે. રણોત્સવની જ્યારે શરૂઆત થઈ હતી, ત્યારે માત્ર ૩ દિવસના રણોત્સવ યોજાતો હતો. ભારતના લોકોને પણ ખબર ન હતી કે, મીઠાનો રણ પણ હોઈ શકે છે. દર વર્ષે જેમ રણોત્સવ યોજાતા ગયા તેવી રીતે સરકારે પણ રણોત્સવને વધુ ઉંચાઈઓ આપવા માટે પોતાના અનેક પ્રયત્નો કર્યા છે.

## ગુજરાતમાં પાછોતરા વરસાદથી પનોતી બેઠી : એક સપ્તાહમાં વીજળી પડવાથી ૧૨ ના મોત



ગાંધીનગર,

પાછોતરા વરસાદથી જાણે કે પનોતી બેઠી હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. ત્યારે માત્ર એક અઠવાડિયામાં વીજળી પડવાંથી ૧૨ લોકોનાં મોત થયા છે. ત્યારે વાત કરીએ તો શનિવારે અમરેલીમાં વીજળી પડતાં ૫ લોકોનાં મોત થયા તો ૩ લોકોને ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી તો રાજકોટના ઉપલેટામાં વીજળી પડતાં ૧૭ વર્ષીય દેવેન્દ્રસિંહ ચૂડાસમા નામના યુવકનું મોત થયું છે. તો આગળ વાત કરીએ તો બોટાદમાં વીજળી પડતાં મહિલાનું મોત થયું છે. તો અગાઉ જામનગરમાં વીજળી પડતાં ૨ લોકોનાં તો ભરૂચમાં વીજળીથી ૩ લોકોનાં મોત થયા છે.

નવલાં નોરતાંના આઠમથી શરૂ થયેલો વરસાદ બંધ થવાનું નામ જ નથી લઈ રહ્યો ત્યારે ફરી એકવાર ચોમાસાએ રમઝટ બોલાવી છે. ત્યારે વાત કરીએ તો સૌરાષ્ટ્રમાં છેલ્લા ૪ દિવસથી વરસાદી માહોલ જોવા મળે છે. ત્યારે દ્વારકા, રાજકોટ, અમરેલી અને જૂનાગઢમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ભારે વરસાદના કારણે રસ્તાઓ પર જાણે કે નદી વહેતી થઈ હોય તેવા દ્રશ્યો પણ જોવા મળ્યા છે. અમરેલીની વાત કરીએ તો છેલ્લા ૪ દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. તો જૂનાગઢના મેંદરડામાં સૌથી વધુ સાડા ૩ ઈંચ વરસાદથી શેરીઓમાં નદી વહેતી થઈ છે. દ્વારકામાં પણ ભારે વરસાદથી રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા છે.

યાત્રાધામ દ્વારકામાં વીજળી પડવાની ઘટના સામે આવી છે. શનિવારે દ્વારકાથી ૮ કિલોમીટર દૂર આવેલ ચંદ્રભાગા મંદિરના શિખર પર વીજળી પડી હતી. વીજળી પાડવાથી મંદિરના શિખર પરના ઘુમ્મટનો ભાગ તૂટી પડ્યો હતો. વીજળી પડવાથી મંદિરના શિખર પરના ઘુમ્મટને નુકસાન પહોંચ્યું હતું. વીજળી પડતાં સદનસીબે કોઈ જાનહાનિ નહિ. પરંતુ મંદિરના પરના શિખરના ભાગમાં નુકસાન પહોંચ્યું હતું.

સૌરાષ્ટ્રમાં પણ વરસાદી માહોલ જામેલો છે. ત્યારે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદી માહોલ હજુ પણ યથાવત છે. ત્યારે વાત કરીએ સુરત અને ડાંગમાં હજુ પણ વરસાદી માહોલ યથાવત છે. સુરતના બારડોલીમાં ધોધમાર વરસાદથી રસ્તાઓ પર પાણી વહેતા થયા તો નર્મદામાં ભારે વરસાદના કારણે ખાડીઓમાં પાણી વહેતું થયું જોવા મળ્યું. તો અમદાવાદમાં પણ અડધો ઈંચ વરસાદમાં દોઢ ઈંચ વરસાદથી અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે.

અષાઢમાં અનરાધાર વરસે તેમ આસો મહિનામાં પણ મેઘરાજાની ધબધબાટી જોવા મળી. ગઈકાલે અમદાવાદના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને વીજળીના કડાકા અને ભારે પવન સાથે શહેરના સિંધુ ભવન રોડ, નવરંગપુરા, યુનિવર્સિટી, વસ્ત્રાપુર, નારણપુરા, વાડજ સહિતના વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. વરસાદ વરસતા વાતાવરણમાં આંશિક ઠંડક પ્રસરી હતી. તો અનેક વિસ્તારમાં વરસાદી પાણી પણ ભરાઈ ગયા હતા. અમરેલી જિલ્લામાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો. બગસરાના લુધિયા, સુડાવાડ અને સાપર સહિતના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસ્યો. અમરેલીના લાઠી શહેરનું વાતાવરણ પલટાયું અને વરસાદ વરસ્યો. ભારે બફારા પછી વરસાદ વરસતા વાતારણ ઠંડુ થયું. જૂનાગઢના કેશોદ અને વિસાવદરમાં પણ બપોરે ત્રણ વાગ્યા પછી વરસાદનું આગમન થયું. નવદુર્ગા ચોક, બસ સ્ટેન્ડ, રેલેવે સ્ટેશન વિસ્તાર અને વેરાવળ રોડ પર વરસાદી માહોલ જોવા મળ્યો.

તાપી અને ડાંગ જિલ્લામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો. ડાંગના વઘઈ સહિત આજુબાજુના વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાત વરસતા ડાંગરના પાકને નુકસાન થવાની ભિતી છે. પાછોતરા વરસાદથી ખેડૂતો ચિંતામાં આવી ગયા છે. વીજળીના કડકા ભડાકા રસ્તા વરસાદ વરસતા રસ્તા પાણી પાણી થયા હતા. ડાંગમાં વરસાદ વરસતા ઠંડક પ્રસરી હતી.

ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ વરસી શકે છે. અરબી સમુદ્રથી પસાર થતી સિસ્ટમની અસરના પગલે વરસાદ વરસશે.

## ટાસ્ક પુરો કરવાથી સારી કમાણીની લાલચ આપી ૨૫ લાખની છેતરપિંડી



અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાલમાં રહેતી એક વ્યક્તિને કંપનીમાં ટાસ્ક પુરો કરવાથી સારી કમાણી થશે, એવી લાલચ આપીને ૨૫ લાખ રૂપિયાની છેતરપિંડી કરનારા શક્સો સામે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. આ બનાવની વિગત મુજબ વસ્ત્રાલમાં માધવ પાર્ક વિભાગ-૨માં રહેતા અપૂર્વ ભરતભાઈ પટેલ(૩૦)એ આ અંગે ફરિયાદ નોંધાવી છે. જેમાં અલગ અલગ ટેલીગ્રામ આઈડી ધરાવતા શખ્સોએ અપૂર્વ પટેલને મેસેજથી અને મોબાઈલ નંબરોથી કોલ અને વોટ્સએપ પર અરૂણ સાજી તથા નિતીશ વર્માની ઓળખ આપીને એફીલેટ માર્કેટીંગ નામે ટાસ્ક પુરા કરવાથી સારી કમાણી થશે તેવી લોભામણી લાલચ આપી હતી.

બાદમાં અપુર્વને બે અલગ અલગ લીંક મોકલીને તેમાં આઈડી ઓપન કરાવી તેના મારફતે એફીલેટ માર્કેટીંગ ના નામે અલગ અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ. ૨૫,૧૭,૩૮૭ ટ્રાન્સફર કરાવડવ્યા હતા. ઉપરાંત જુદી જુદી રકમના ટાસ્ક પુરા કરાવી રૂ.૧૨,૫૪૨ પરત કર્યા હતા પરંતપ રૂ.૨૫,૦૪,૯૩૫ ની છેતરપિંડી કરી હતી. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટમાં તબીબની ગંભીર બેદરકારીથી ૮ મહિનાના બાળકનું મોત, પિતાનો આક્ષેપ



રાજકોટ,

રાજકોટમાં લક્ષ્મીનગર પાસે આવેલા વિવાદિત ડોક્ટર મશરૂની નિહિત બેબીકેર હોસ્પિટલમાં ૮ મહિનાના બાળકને ડેન્ગ્યૂ થતા સારવાર માટે ખસેડાયો હતો. જોકે, રજા અપાયા બાદ ફરીથી બાળકને હોસ્પિટલમાં દાખલ કરતા બાળકનું મોત થતા બાળકના પિતાએ તબીબે બેદરકારી દાખવી હોવાના આક્ષેપ કર્યા છે. હાલ પરિવારમાં ફૂલ જેવા સંતાનના મોતથી ગમગીની ફેલાઈ છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેરમાં લક્ષ્મીનગર પાસે આવેલા બેબી કેરમાં ડેન્ગ્યુની સારવારમાં રહેલા ૮ મહિનાના બાળકને રજા આપ્યા બાદ ફરી તબિયત લથડી હતી. જેથી તેને ફરીથી હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ તેનું મોત નીપજતા બાળકનાં પિતાએ એવો આક્ષેપ કર્યો હતો કે, દવાખાનામાં નર્સે ઈન્જેક્શન માર્યા બાદ સ્થિતિ વધુ ખરાબ થઈ હતી. જેથી માલવિયાનગર પોલીસે બાળકના મૃતદેહનું ફોરેન્સિક પીએમ કરાવી આગળ કાર્યવાહી કરશે.

મળતી માહિતી મુજબ કોઠારિયા રોડ પર બાબરિયા કોલોની પાસેની રાધેકૃષ્ણ સોસાયટીમાં રહેતા જેત અલ્ફાઝભાઈ અંસારી નામના બાળકને ડેનગ્યૂથી ગંભીર અસર થતા સારવાર માટે ડો. હિરેન મશરૂના મિહિત કેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર બાદ તેને રજા આપી દેવાનું તબીબ દ્વારા જણાવવામાં આવ્યું હતું. પછી નર્સે ચાર ઈન્જેક્શન આપ્યા હતા, જેથી વધુ તબિયત ખરાબ થતા બાળકનું મોત થયું હતું.

## દિલ્હીમાં પ્રદૂષણ ફેલાવવા બદલ ૧૭.૪૦ લાખ રૂપિયાનો દંડ, ૭૬ સ્થળોએ એજન્સીઓને નોટિસ



નવીદિલ્હી

વધતા પ્રદૂષણ વચ્ચે છેલ્લા ૧૩ દિવસમાં દિલ્હીમાં ૨,૭૬૨ સ્થળોએ ધૂળ વિરોધી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પ્રદૂષિત સ્થળો પર લગભગ ૧૭.૪૦ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. ઉપરાંત ૭૬ જગ્યાએ કામ કરતી એજન્સીઓને પણ નોટિસ આપવામાં આવી હતી. આ અભિયાનમાં ૧૩ સંબંધિત વિભાગોના અધિકારીઓની ૫૨૩ ટીમો કાર્યરત છે. દિલ્હી સરકારની કડક સૂચના છે કે બાંધકામ સ્થળો પર ધૂળને રોકવા સંબંધિત ૧૪ નિયમોનો સંપૂર્ણ અમલ કરવો જરૂરી છે. આવું નહીં કરનાર બાંધકામ એજન્સીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

દિલ્હી સરકારના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યું કે દિલ્હીના ગ્રીન વોર રૂમમાંથી પ્રદૂષણ પર નજર રાખવામાં આવી રહી છે. અન્ય ઘણા પ્રકારના કામ પણ કરવામાં આવી રહ્યા છે. જેમાં ધૂળ વિરોધી ઝુંબેશ, બાયો ડીકમ્પોઝરનો છંટકાવ, વૃક્ષારોપણ અભિયાન, મોબાઈલ એન્ટી સ્મોગ ગન સહિતના જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે. આ સાથે વિવિધ વિભાગોની ૫૨૩ ટીમો દરેક જગ્યાએ તપાસ કરી રહી છે જ્યાંથી ધૂળ ઉડી શકે છે. બાંધકામ સાઈટ્સ માટે ૧૪-પોઈન્ટ નિયમો લાગુ છે. ૭ નવેમ્બર સુધી ચાલનાર આ ઝુંબેશમાં ધૂળ રોકવાના નિયમોનું પાલન નહીં કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ પછી પણ જો કન્સ્ટ્રક્શન એજન્સી સહમત નહીં થાય તો કન્સ્ટ્રક્શન સાઈટ જ બંધ કરી દેવામાં આવશે.ગોપાલ રાયે જણાવ્યું હતું કે ધૂળના પ્રદૂષણને રોકવા માટે સમગ્ર દિલ્હીમાં ૮૫ મિકેનિકલ રોડ સ્વીપિંગ મશીનો, ૫૦૦ પાણીના છંટકાવને તૈનાત કરવામાં આવ્યા છે. નવેમ્બરમાં, મોબાઈલ એન્ટી સ્મોગ ગન એક શિફ્ટથી ત્રણ શિફ્ટમાં રસ્તાઓ પર તૈનાત કરવામાં આવશે. ધૂળના પ્રદૂષણને ઘટાડવા માટે, હોટસ્પોટ વિસ્તારોમાં ૮૦ મોબાઈલ એન્ટી સ્મોગ ગન લગાવવામાં આવી છે. રાયે દિલ્હીના લોકોને અપીલ કરી છે કે જો તેઓને બાંધકામ અથવા તોડી પાડવાના કામમાં કોઈ ગેરરીતિ જણાય તો તેઓ તરત જ ગ્રીન દિલ્હી એપ પર તેની ફરિયાદ કરે, સરકાર યોગ્ય પગલાં લેશે.પાણી પર તરતી ફીણની સફેદ ચાદર એ વાતની સાક્ષી છે કે છેલ્લા ૧૦ વર્ષથી અરવિંદ કેજરીવાલ અને હવે દિલ્હીમાં આતિશી સરકાર યમુનાની સફાઈના માત્ર દાવા કરી રહી છે. જમીની વાસ્તવિકતા કંઈક બીજી જ છે. કેન્દ્ર સરકારે યમુનાની સફાઈ માટે કરોડો રૂપિયા આપ્યા, છતાં યમુનાની સફાઈ ન થઈ. યમુના કિનારે ઊભા રહીને પણ અનેક રોગોને આમંત્રણ આપે છે, ડુબકી મારવાનું છોડી દો. પ્રદૂષણ સેસના નામે એકત્ર કરાયેલા ૧૦૦૦ કરોડ રૂપિયા પણ ભ્રષ્ટાચારનો શિકાર બન્યા. ૧૮ મોટા નાળા અને કુલ ૩૨ નાળા યમુનામાં આવે છે, ત્યાં એક એસટીપી પ્લાન્ટ પણ નથી લગાવવામાં આવ્યો. આ પ્રસંગે દિલ્હી ભાજપના પ્રવક્તા અને પર્યાવરણ નિષ્ણાત ડૉ.અનિલ ગુપ્તા, કાઉન્સિલર બ્રહ્મ સિંહ અને અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ દેવેન્દ્ર યાદવે કહ્યું કે રાજધાની દિલ્હી હંમેશા વિશ્વના પ્રદૂષિત શહેરોની શ્રેણીમાં ઉચ્ચ સ્તરે રહે છે. આમ આદમી પાર્ટીના કારણે દિલ્હીના લોકો છેલ્લા ૧૦ વર્ષથી આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. દિલ્હી સરકાર કામ કરવાને બદલે માત્ર જાહેરાતો કરી રહી છે, કમિટિઓ બનાવી રહી છે અને વિન્ટર એક્શન પ્લાનમાં સુધારો કરી રહી છે.

## વિદેશ જવાનો એક નવો રોગ દેશના બાળકોને સતાવે છે, જગદીપ ધનખરે



જયપુર

વાઈસ પ્રેસિડેન્ટ જગદીપ ધનખરે કહ્યું હતું કે વિદેશ જવાનો એક નવો રોગ દેશના બાળકોને સતાવે છે, જેને તેમણે ફોરેન એક્સચેન્જ માઈગ્રેશન અને બ્રેઈન ડ્રેઈન કહે છે. ઉપરાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું કે શિક્ષણનું વ્યાપારીકરણ તેની ગુણવત્તા પર પ્રતિકૂળ અસર કરી રહ્યું છે, જે દેશના ભવિષ્ય માટે સારું નથી.

રાજસ્થાનના સીકરમાં એક ખાનગી શૈક્ષણિક સંસ્થા દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા, તેમણે કહ્યું, "વિદેશ જવાના બાળકોમાં એક નવો રોગ છે. બાળક ઉત્સાહપૂર્વક વિદેશ જવા માંગે છે, તે નવું સ્વપ્ન જુએ છે, પરંતુ તેનું કોઈ મૂલ્યાંકન નથી. હું કયા દેશમાં કઈ સંસ્થામાં જાઉં છું."

બાળક ઉત્સાહપૂર્વક વિદેશ જવા માંગે છે, તે એક નવું સ્વપ્ન જુએ છે; પરંતુ તે કઈ સંસ્થામાં જઈ રહ્યો છે અને કયા દેશમાં જઈ રહ્યો છે તેનું કોઈ આકલન નથી.

તેમણે કહ્યું, "અંદાજ છે કે ૨૦૨૪માં લગભગ ૧૩ લાખ વિદ્યાર્થીઓ વિદેશ જશે. તેમના ભવિષ્યનું શું થશે તેનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે, લોકો હવે સમજી રહ્યા છે કે જો તેઓ અહીં ભણ્યા હોત તો ભવિષ્ય કેટલું ઉજ્જવળ હોત."તેમણે કહ્યું કે આ ઉપાડથી "આપણા વિદેશી હૂંડિયામણમાં ૬ બિલિયન ડોલરનું છિદ્ર" બાકી છે. ઉપરાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને જાગૃત થવા અને બ્રેઈન ડ્રેઈન અને વિદેશી હૂંડિયામણની ખોટ અટકાવવામાં મદદ કરવા હાકલ કરી હતી.તેમણે કહ્યું, "કલ્પના કરો કે જો શૈક્ષણિક સંસ્થાઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવા માટે ૬ બિલિયનનો ખર્ચ કરવામાં આવ્યો હોત તો આપણી સ્થિતિ કેવી હોત. હું તેને ફોરેન એક્સચેન્જ ડ્રેઈન અને બ્રેઈન ડ્રેઈન કહું છું. આવું ન થવું જોઈએ. સંસ્થાઓની જવાબદારી છે કે તેઓ તેમના વિદ્યાર્થીઓને વિદેશી પરિસ્થિતિ વિશે જાગૃત કરવા જોઈએ."

ઉપરાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે શિક્ષણને વ્યવસાયમાં ફેરવવું દેશના ભવિષ્ય માટે સારું નથી. વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાની હાકલ કરતાં તેમણે કહ્યું હતું કે, "કેટલાક કિસ્સામાં તે છેડતીનું સ્વરૂપ પણ લઈ લે છે. આ ચિંતાનો વિષય છે." ઉપરાષ્ટ્રપતિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિની પણ પ્રશંસા કરી અને તેને ગેમ ચેન્જર ગણાવી.

## રાજકોટમાં લોધિકામાં ધોરણ ૧૧માં ભણતા વિદ્યાર્થીનો શાળાના માનસિક ત્રાસના લીધે આપઘાત!



રાજકોટ

રાજકોટમાં લોધિકાના મોટાવડામાં સરકારી શાળામાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી, આપઘાત પહેલા સુસાઈડ નોટ લખી તેમજ વીડિયો પણ બનાવ્યો હોવાનું સામે આવ્યું છે. વહાલસોયા પુત્રને ગુમાવતા માતાપિતા આક્રંદ કરી રહ્યા છે. પરિવારમાં માતમ છવાયો છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આજના બાળકોમાં પોલીસ એટલે ‘ડર’ થઈ ગયો છે. જે ‘સુરક્ષા’ અને ‘સેવા’ હોવી જોઈએ અને શિક્ષક કેટલા નફ્ફટ જે બાળકની મનોસ્થિતિ સાથે મર્યો ત્યાં સુધી રમતા રહ્યા.આવો જ એક કિસ્સો રાજકોટમાં બન્યો છે. રાજકોટમાં લોધિકાના મોટાવડામાં ઉચ્ચ માધ્યમિક સરકારી શાળામાં અભ્યાસ કરતા ધ્રુવિલ ભરતભાઈ વરું નામના વિદ્યાર્થીએ શિક્ષકના ત્રાસથી કંટાળી ગળેફાંસો ખાતા પહેલા સુસાઈડ નોટ લખી હતી, જેમાં વિદ્યાર્થીએ પોતાની શાળા શિક્ષકના કારણે આપઘાત કર્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે.

શિક્ષક દ્વારા પરીક્ષામાં ચોરી કર્યાનો આરોપ લગાવી પોલીસ કેસ થશે એવી ધમકી આપતા હતા. તેથી પોલીસ કેસના ડરના કારણે, જેલ જવાની બીકના કારણે આપઘાત કરી લીધો હોવાનો સુસાઈડ નોટમાં લખ્યું છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. તેમજ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. સુસાઈડ નોટ વાંચો તો ખ્યાલ આવે કે કારણ મોટું નહોતું પણ છોકરાને સમજવાવાળું કે સાંભળવાવાળું કોઈ નહોતું.

# સંતરામપુરમાં તંત્રની બેદરકારી પાલિકા અને પાણી પુરવઠાની મુખ્ય પાઈપ લાઈન લીકેજ પાણીનો બગાડ



સંતરામપુર

સંતરામપુર બસ સ્ટેશન વિસ્તાર લુણાવાડા રોડ પાસે છેલ્લા ઘણા સમયથી મુખ્ય પાણીની પાઈપ લીકેજ થવાના કારણે સતત પાણીનો પ્રવાહ રોડ ઉપર જ રેલમછેલમ થઈ રહ્યો છે. સ્થાનિક વેપારીઓ વારંવાર રજૂઆત કરવા છતાંય પાઈપની મરામત કરવામાં આવેલી જ નથી. વેપારીઓનો દુકાન આંગણે જ તળાવની જેમ પાણી ભરાઈ રહે છે. કેટલીક વાર તો નીચે ભોયરામાં પાણી ભરાઈ જતું હોય છે. પુરવઠા વિભાગ અને પાલિકાની ગોર બેદરકારી જોવા મળી આવેલી છે. પ્રાથમિક સુવિધા પાછળ અસંખ્ય પાલિકા ખર્ચ કરતી હોય છે. તેમ છતાં કામગીરી કરવામાં નફ્તાઈ જોવાઈ રહેલી છે. રોજ સવારે પાલિકા દ્વારા પાણી આપવામાં આવતું તે સમયે જ જ્યારે પ્લમ્બર વાલ ખોલે એટલે ચારે બાજુ પાઈપ લીકેજ થવાના કારણે સતત પાણી વેરાતું અને વેદફળ થતો જોવા મળી આવ્યું છે. આવી સામાન્ય કામગીરી કરવામાં પણ પાલિકા તંત્ર નિષ્ફળ ગયેલું છે, આવી રીતે ઠેર ઠેર નગરના પંચર પાઈપો હોવાના કારણે લોકોન ઘરે પણ આપવામાં આવતું પાણી ધીરૂં થઈ જતું હોય છે. મોટા ભગનું પાણી રોડ ઉપર જ ફરી વળતા પાણીનો બગાડ વધી રહેલો છે. વહેલી તકે પાલિકા નગરના વિવિધ વિસ્તારો મને લુણાવાડા રોડ પાસે પંચર અને લીકેજ પાઈપોની રીપેરીંગ કરવામાં આવે તે માટે સ્થાનિક લોકોને વેપારીઓ ઈછી રહ્યા છે.

# વિરપુર તાલુકામાં સસ્તા અનાજની દુકાનોમાં અપુરતો અનાજનો જથ્થો મળતો હોવાની રાવ

વિરપુર,

સરકાર દ્વારા ગરીબ તેમજ મધ્ય વર્ગના લોકોને મફતમાં અનાજ પુરૂ પાડવામાં આવે છે ત્યારે મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકામાં સસ્તા અનાજની દુકાનોમાં પુરતા પ્રમાણમાં અનાજનો જથ્થો ન આવતો હોવાથી વિરપુર તાલુકાની ગરીબ પ્રજાને તહેવારોના સમયે જ હેરાન પરેશાન થવાનો વારો આવ્યો છે.

ગરીબ લાભાર્થીને સસ્તા અનાજની દુકાનમાં પોતાના હક અધિકારનુ અનાજ લેવા માટે જાય છે. પરંતુ જથ્થો પુરતો પ્રમાણમાં ન હોવાના કારણે લાભાર્થીઓ અનાજ લીધા વિના જ વીલા મોંઢે પાછા ફરવાનો વારો આવ્યો છે. સરકાર દ્વારા ગરીબ અને આર્થિક પછાત વર્ગ માટે સરકારની યોજના દ્વારા સસ્તા અનાજની દુકાનો દ્વારા ઘઉં, ચોખા, ખાંડ, દાળ, ચણા, તેલ જેવા અનેક પ્રકારનુ અનાજ અને કઠોળ અને વપરાશથી ખાદ્ય સામગ્રી લાભાર્થીઓને અપાઈ છે. જયારે દિવાળીના તહેવાર સમયે વિરપુર તાલુકામાં દાળ, ચણા અને તેલના જથ્થાની ફાળવણી નહિ થવાથી તાલુકાની ગરીબ પ્રજાને દિવાળી બગડવાની શકયતા દેખાઈ રહી છે. સરકાર દ્વારા તહેવાર અને ગરીબોની સમસ્યાને દયાને લઈ વહેલી તકે પુરવઠો અપાય તેવી માંગ લાભાર્થીઓ દ્વારા કરવામાં આવી છે.

# બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન તેરા તુજકો અર્પણ CEIR પોર્ટલની મદદથી મોબાઈલ શોધવામાં આવ્યા.



બાલાસિનોર

બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન ખાતે મોબાઈલ ગુમ બાબતે અરજી આપવામાં આવેલ જે અરજી અન્વયે ઈઉઈઇછ પોર્ટલ મદદથી મોબાઈલ એકટીવ થતા મળેલ એલર્ટ માહિતી આધારે ગુમ થયેલ કુલ બે મોબાઈલ શોધી કાઢી મુળ માલીક (૧) અજીતસિહ ગણપતસિહ ઝાલા રહે.રળીયાતા તા.બાલાસિનોર જી.મહીસાગર તથા (૨) રાજુનાથ ઠાકોરનાથ મદારી રહે.જુના હાડીયા તા.બાલાસિનોર જી.મહીસાગર નાઓને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી ગુમ થયેલ મોબાઈલ તેરા તુજકો અર્પણ અનુસંધાને મુળ માલીકને મોબાઈલ પરત સોપતી મહીસાગર જીલ્લાની બાાલાસિનોર ટાઉન પોલીસ

# સંધરી પી.એચ.સી. દ્વારા રકતદાન શિબિર ૧૫૨ યુનિટ રકત એકત્રિત થયું



મલેકપુર,

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–સંધરી દ્વારા આયોજીત રકતદાન શિબિરમાં કુલ–૧૫૨ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું. સદર કેમ્પને સફળ બનાવવા બદલ તાલુકા હેલ્થ ઓફિસર કડાણા અને મેડિકલ ઓફિસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સંધરી અને સમગ્ર સંધરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ કર્મયોગી કર્મચારીએ ખૂબ જહેમત ઉઠાવી હતી

વધુમાં સંધરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે માનવતાના આ ઉમદા કાર્યમાં પોતાનો અમૂલ્ય ફાળો આપનાર તમામ રકતદાતાઓને સંધરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ હૃદય પૂર્વક આભાર માને છે.

# સીંગવડ તાલુકાની પાંચ પ્રાથમિક શાળાઓના જર્જરિત ઓરડાઓના સમારકામ માટેની મંજુરી

સીંગવડ,

સીંગવડ તાલુકા પંચાયતની સામાન્ય સભા મળી હતી જેમાં તાલુકા વિકાસ અધિકારીના નિવાસ્થાન સહિત તાલુકા પંચાયત ભવનમાં કેન્ટિન શરૂ કરવા તેમજ મનરેગાના કામોની ચર્ચા કરવામાં આવી હતી.

સીંગવડ તાલુકા પંચાયતની સામાન્ય સભા તાલુકા પંચાયત કચેરી સીંગવડના સભાખંડમાં રાખવામાં આવી હતી. જેમાં દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જયારે સીંગવડ તાલુકા પંચાયત પ્રમુખ ગોવિંદભાઈ બી વહુનીયા, તાલુકા વિકાસ અધિકારી મેહુલ ભગોરા, સહિત તાલુકા પંચાયતના તમામ સદસ્ય ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગત સામાન્ય સભાની બેઠકમાં કાર્યવાહી નોંધને બહાલી અપાઈ હતી. સીંગવડ તાલુકા પંચાયત અમલમાં આવ્યા બાદ આજ સુધી તાલુકા વિકાસ અધિકારીનો આવાસ ન હોવાના કારણે તાલુકા વિકાસ અધિકારી સીંગવડનુ આવાસ નવીન બનાવવા માટે ઠરાવ મુજબ બનાવવા તેમજ તેનુ મેન્ટેનન્સ ખર્ચ તાલુકા સ્વભંડોળમાંથી કરવા માટેની મંજુરી અપાઈ હતી. આ ઉપરાંત તાલુકાના સાત પ્રાથમિક શાળાઓના જર્જરિત ઓરડાને દુરસ્ત કરવા પણ મંજુરી અપાઈ હતી. જયારે તાલુકા પંચાયત સદસ્ય સીંગાપુર બેઠકના રમેશભાઈ પટેલે મનરેગા વિભાગના કામો પેન્ડિંગ પડી રહેલ હોય વહીવટી મંજુરી વહેલી તકે આપવા રજુઆત કરાઈ હતી.

# આશ્રમ શાળામાંથી ગુમ /અપહરણ થનાર સગીરવયના બાળકિશોરને ગણતરીના કલાકોમા શોધી કાઢતી બાલાસિનોર તાલુકા પોલીસ



હરીઓમ આશ્રમ શાળા પાંડવા ખાતે ધોરણ–૬ મા અભ્યાસ કરતા રાહુલભાઈ હરેશભાઈ તાવીયાડ ઉ.વ.૧૧ રહે.ડેમલી તા.શહેરા જી.પંચમહાલ નાનો ગઈ તા.૧૧/૧૦/૨૦૨૪ ના બપોરના ચોરીછુપીથી આશ્રમ શાળામાંથી નીકળી ગયેલ છે જેની આશ્રમ શાળાના શીક્ષક તથા છોકરાના વાલી વારસ દ્વારા તપાસ કરવા છતા મળી આવેલ નથી જેવી ફરીયાદ આધારે આગળની તપાસ પો.સ.ઈ શ્રી એન.એમ.ભુરીયા સાહેબ નાઓએ સંભાળી તરત જ આશ્રમ શાળા ખાતે ગુમથનાર રાહુલભાઈ તાવીયાડ સાથે અભ્યાસ કરતા તથા તેની સાથે રહેતા બાળકોની પુછપરછ કરતા જાણવા મળેલ કે તે આશ્રમ તેના મિત્રોને ગામમા તેના પિતા પાસે પૈસા નખાવી લેવા માટે ગયેલા કે તે તેના મામાના ઘરે જવાની વાત કરતો હતો તેવી માહીતી છોકરાઓ પાસેથી મળેલ હતી જે આધારે પાંડવા ગામમાં જ્યાં જ્યાં અગાઉ આશ્રમ શાળામાં રહેતા બાળકો પૈસા નખાવતા હતા તે તમામ દુકાનદારોની પુછપરછ કરતા કોઈ ફળદાયી હકીકત મળેલ નહી અને આ ગુમથનાર સગીરવયના બાળક પાસે ન તો મોબાઈલ હોય કે તેની પાસે પૈસા પણ ન હોવાની જાણ તપાસ દરમ્યાન થયેલ જેથી પો.ઈંસ એ.બી દેવધા સાહેબ તથા પો.સ.ઈ શ્રી એન.એમ.ભુરીયા સાહેબ નાઓએ અલગ અલગ ટીમ બનાવી બાલાસિનોર દેવ તરફથી કોઠંબા તેમજ લુણાવાડા અને કોઠંબા થી શહેરા તરફ લોકલ પેસેંજર ગાડીઓ ચલાવતા ડ્રાથવરો સાથે રૂબરૂ વાતચીત કરી તેમને આ ગુમ થનાર છોકરાઓ ફોટો આપવામા આવેલ હતો અને સોશ્યલ મીડીયામા જુદા જુદા ગ્રુપમા તેમજ સપર્કમાં હોય તેવા તમામ સરપંચશ્રી નાઓએ પણ ફોટાઓ મોકલવામા આવેલ અને ચોકડી પર આવતા તમામ દુકાન દારોની, મંદિરો તમામ જગ્યાએ ટીમો દ્વારા તપાસ કરવામા આવેલ જે આધારે સોશ્યલ મીડીયા ગ્રુપથી મેસેજ ફરતા થતા ગુમ થનાર બાળ કિશોર કલ્યાણપુરા ગામે રોડની બાજુમા તબ્બુ બાધી રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા કમલેશભાઈ ભીમાભાઈ ટારીયા (ભરવાડ) નાઓ પાસે હોય જેથી તેમણે પોલીસનો સપર્ક કરેલ અને બાળક તેમની પાસે હોવાની જાણ કરેલ જેથી પોલીસે તરત ત્યાં જઈ તપાસ કરતા ગુમ થનાર બાળકિશોર સહી સલામત મળી આવેલ અને આમ આશ્રમ શાળામાંથી કહ્યા વગર નીકળી ગયેલ બાળકિશોરના ગુમ થયા અંગે ગુનો દાખલ થયેના ગણતરીના કલાકોમા શોધી કાઢી તેના માતા–પિતાને સોપવામા આવ્યો તેમજ આ કામે બાળકને આજદિન સુધી પોતાની પાસે સહી સલામત રીતે રાખેલ તે કમલેશભાઈ ભીમાભાઈ ટારીયા (ભરવાડ) નાઓનુ સન્માન કરી પ્રશંશનીય કામગીરી કરતી બાલાસિનોર તાલુકા પોલીસ.

# દે.બારીયામાં બે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૨.૮૫ લાખની મત્તાની ચોરી કરી

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ નગરમાં બે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી મકાનમાંથી સોનાના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી તસ્કરો કુલ રૂા.૨,૮૫,૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ નાસી જતાં તસ્કરોના આતંકને પગલે પંથકમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

દેવગઢ બારીઆ નગરમાં વાવડી શેરીમાં રહેતાં મયુનાબેન પિયુષકુમાર ઓચ્છવલાલ ધરીયા તથા દેવગઢ બારીઆના ખોખા બજાર ખાતે રહેતાં નિતેશભાઈ ઉર્ફે લાલો જશવંતલાલ જયસ્વાલના બંધ મકાનમાં ગત તા.૧૮મી ઓક્ટોમ્બરના રોજ તસ્કરોએ બંન્ને બંધ મકાનોને રાત્રીના કોઈ પણ સમયે નિશાન બનાવી મયુનાબેનના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી તસ્કરોએ મકાનમાં પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મુકી રાખેલ તિજોરીમાંથી રોકડા રૂપીયા ૨ લાખની ચોરી કરી તથા નિતેશભાઈ ઉર્ફે લાલોના મકાનમાં પણ તસ્કરોએ મુખ્ય દરવાજાનો નકુચો તોડી મકાનમાં પ્રવેશ કરી મકાનમાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૩૦,૦૦૦, સોનાની ચેઈન, સોનાની વીટી તથા સોનાનું મંગળસુત્ર મળી બંન્ને મકાનોમાંથી તસ્કરોએ કુલ રૂા.૨,૮૫,૦૦૦ની ચોરી તસ્કરો અંધારાનો લાભ લઈ નાસી જતાં આ સંબંધે મયુનાબેન પિયુષકુમાર ઓચ્છવલાલ ધરીયાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા શહેરમાં તસ્કરોનો તરખાટ એક જ રાતમાં અલગ અલગ વિસ્તારોના બંધ ઘરોમાં તાળા તુટીયા

દે.બારીયા,

દે.બારીય શહેરના અલગ અલગ વિસ્તારો જેવાં કે, વાવડી શેરીમાં બંધ મકાનમાં એ પણ ભરચક વિસ્તાર ચબુતરા શહેરીના પાસે ઉજયા ચાંદીના વેપારીઓની દુકાનો પણ આવેલી છે. ત્યાં તા.૧૮/૧૦/૨૦૨૪ના શુક્વારે રાત્રીના ૧ થી ૪ના સમયમાં ઘરના દરવાજાના નકુચા તોડી ઘરમાં મુકેલી તીજોરીના તાળા તોડી નાખ્યા કેટલી રકમની ચોરી થઈ છે. તેની માહિતી મળી નથી પરંતુ આ ચોરીની એફઆઈઆઈ થઈ ગઈ છે. જ્યાં આ રાત્રીમાં બીજા વિસ્તાર એટલે મરઘી બજાર ટાંકીના પાસેનો વિસ્તાર કે જયાં બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કરી ગયાના અહેવાલ પ્રાપ્ત થયા છે. હજુ તો કડકડતી ઠંડીની સીઝન શરૂ થઈ નથી તે પહેલા તસ્કરો જાણે દે.બારીયા પોલીસને પડકારી રહ્યા છે. હાલમાં શહેરમાં છેલ્લા એક માસમાં અલગ અલગ વિસ્તારો એ પણ શહેરના છેવાડાના વિસ્તારોમાં જેવાં કે, કેન્ટોમેન્ટ તેમજ ધાનપુર રોડની સોસાયટીના બંધ ઘરોમાના તાળા તોડીને ચોરીનો અંજામ આપ્યો હતો. આ અહેવાલ પંચમહાલ સમાચારમાં પ્રસિદ્ધ પણ થયો હતો. તેમ છતાં પોલીસ સક્રીય થઈ નથી. હવે તો શહેરના મધ્ય વિસ્તારોમાં તસ્કરો ચોરીનો અંજામ આપી રહ્યા છે અને પોલીસ ઉંઘતી રહી કયા છે, રાત્રીના પોલીસના પોઈન્ટો કયાં છે, રાત્રીની પેટ્રોલીંગ પોલીસ નબળી પુરવાર થઈ રહી છે. ઉપરાછાપરી શહેરમાં મનફાવે તેવા વિસ્તારોમાં તસ્કરો ચોરીનો અંજામ આપી ફરાર પણ થઈ જાય છે. તેમ છતાં પોલીસ તસ્કરો પર કાબુ લેવામાં સફળ થઈ નથી. દે.બારીયાની બહોશ પોલીસ પર આક્ષેપો થઈ રહ્યા છે. દાહોદ જીલ્લાનો મોડેલ તાલુકાના કેપીટલ શહેરમાં છેલ્લા એક માસથી ઘરફોડીયા તસ્કરો હાહાકાર મચાવ્યો છે. તેમ છતાં પોલીસ હાથ પર હાથ મુકીને બેસી રહી છે. તેવું ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું છે.

# લાઠીના આંબરડી ગામે વીજળી પડતાં ૫ના દર્દનાક મોત, આકાશી આફતે ભારે કરી!

અમરેલી

અમરેલીના લાઠી, રાજકોટના ઉપલેટા અને બોટાદના ગઢડામાં વીજળી પડતાં આજે એક જ દિવસમાં ૭ લોકોનાં દર્દનાક મોત થયા છે. આંબરડીમાં ૫, સેવંત્રામાં ૧ અને પડવદર ગામમાં એકનું મોત થયું છે. જ્યારે છેલ્લા ૭ દિવસમાં ૧૨ લોકોને વીજળી ભરખી ગઈ છે. અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના આંબરડી ગામે વીજળી પડવાની ઘટના બની છે. શ્રમિકો પર વીજળી કાળ બનીને ત્રાટકી હતી. આ ઘટનામાં પાંચ શ્રમિકોના મોત થયા છે. શ્રમિકો ખેતરેથી પરત ફરી રહ્યા હતા આ દરમિયાન તેમના પર વીજળી પડી હતી.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, લાઠીના આંબરડી ગામે વીજળી ખાબકી છે. જી હા...ખેત મજૂરી કરતા મજૂરો ઘરે જતી વેળા અચાનક વીજળી ત્રાટકી છે. વીજળી પડવાની આ ઘટનામાં કુલ ૫ લોકોના મોત થયા છે. ૪ બાળકો સાથે ૧ યુવતીનું વીજળી પડવાથી મોત થયું હોવાનું જાણવા મળે છે. ખેત મજૂરી કરતા દેવીપૂજક પરિવારના ૫ વ્યક્તિના મોત થયા છે. મહત્વનુંછે કેઆંબરડી ગામના પરીવાર પર આભ ફાટયુંછે. આંબરડી ગામે ખેતરથી પરત ફરી રહ્યા હતા ત્યારે વીજળી પડવાની ઘટના બની હતી. આ ઘટનાની માહિતી મળતાં જ મૃતકોને ૧૦૮ વડે લાઠી સરકારી હોસ્પિટલે ખસેડાયા હતા. જ્યારે વીજળી પડવાથી અન્ય ૩ ઈજાગ્રસ્ત બન્યા છે. ૩ ઈજાગ્રસ્તોનેઅમરેલી સારવારમાંખસેડાયા છે. નાના એવા ગામમાં ૫ના મોતથી અરેરાટી વ્યાપી ગઈ છે.

મૃતકોના નામ :- ૧ ભારતી બેન સાંથળીયા (ઉ. વ. ૩૫),૨ શિલ્પા સાંથળીયા ((ઉ. વ. ૧૮),૩ રૂપાલી દલસુખભાઈ વણોદિયા (ઉ. વ.૧૮),૪ રિધ્ધિ ભાવેશ સાંથળીયા (ઉ. વ. ૫),૫ રાધે ભાવેશભાઈ સાંથળીયા (ઉ. વ. ૫) સામેલ છે

# બહરાઈચમાં નોટિસની સમયમર્યાદા પૂરી, હવે બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવશે

,લખનૌ

બહરાઈચના મહારાજગંજ માર્કેટ વિસ્તારમાં હિંસા બાદ કાર્યવાહી ચાલુ છે. આજે વહીવટીતંત્ર મહારાજગંજ માર્કેટ વિસ્તારમાં બુલડોઝરની કાર્યવાહી કરી શકે છે પીડબ્લ્યુડીએ સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામ અંગે ૨૩ મકાનોને નોટિસ આપી છે. તેની સમયમર્યાદા પૂરી થઈ ગઈ છે. પીડબલ્યુડી વિભાગ દ્વારા આપવામાં આવેલ ત્રણ દિવસનો સમય પૂર્ણ થયો છે. આવી સ્થિતિમાં પીડબલ્યુડી વિભાગનું બુલડોઝર ગમે ત્યારે બહરાઈચના મહારાજગંજ માર્કેટમાં ધમધમી શકે છે.

પીડબ્લ્યુડી એ તેની નોટિસમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે જો લોકો જાતે ગેરકાયદે બાંધકામ તોડી નહીં નાખે તો વહીવટીતંત્ર ડિમોલિશન બાદ વસૂલાત કરશે. આ જ કારણ છે કે પીડબલ્યુડીની નોટિસ બાદ કેટલાક લોકોએ જાતે જ પોતાના ઘરની ઉપર બનેલા ગેરકાયદે બાંધકામને તોડવાનું શરૂ કરી દીધું છે. પીડબ્લ્યુડી તરફથી નોટિસ મળ્યા બાદ લોકોએ દુકાનોમાંથી સામાન હટાવી લીધો છે, જે ૧૩ ઓક્ટોબર સુધી વ્યસ્ત હતી. હવે મૌન છે. મહારાજગંજ માર્કેટમાં બનેલી ગેરકાયદેસર દુકાનો ખાલી થઈ ગઈ છે, પરંતુ મોટાભાગના લોકોએ હજુ સુધી ગેરકાયદે બાંધકામો હટાવ્યા નથી.

હિંસા બાદ બહરાઈચના મહારાજગંજ માર્કેટનો વિસ્તાર પોલીસ છાવણી બની ગયો છે. મહારાજગંજમાં કોઈપણ બહારના વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ છે. શનિવારે યુપી વિધાનસભામાં વિપક્ષના નેતા માતા પ્રસાદ પાંડે બહરાઈચ જવા માંગતા હતા, પરંતુ પ્રશાસને તેમને જવા દીધા ન હતા. તે જ સમયે, જમિયત ઉલેમા-એ-હિંદનું એક પ્રતિનિધિમંડળ પણ બહરાઈચ જવા માટે દિલ્હીથી લખનૌ પહોંચ્યું હતું. પોલીસે તેને એરપોર્ટ પર જ કસ્ટડીમાં લીધો હતો. તે જ સમયે, બહરાઈચ હિંસાનો મુખ્ય આરોપી અબ્દુલ હમીદ કાયદાની પકડમાં છે. પરંતુ આ સમયે તેના ઘરે મૌન છે. હિંસાના આરોપમાં આખો પરિવાર જેલમાં છે. મહિલાઓ ઘર છોડીને ચાલી ગઈ છે.

રામ ગોપાલની હત્યા બાદ ટોળાએ અબ્દુલ હમીદના ઘર પર હુમલો કર્યો હતો. આ દરમિયાન બંને તરફથી ભારે પથ્થરમારો અને કાચની બોટલો થઈ હતી. હિંસા બાદ હમીદના ઘરને સીલ કરી દેવામાં આવ્યું હતું. પ્રશાસને શનિવારે ઘર ખોલ્યું. પીડબ્લ્યુડીની કાર્યવાહી પહેલા, પોલીસે ગામના વડા સાથે મળીને અબ્દુલ હમીદના ઘરનો સામાન સુરક્ષિત કર્યો. તે જ સમયે, અબ્દુલ હમીદના વકીલ કલીમ હાશ્મી પીડબ્લ્યુડીની બુલડોઝર કાર્યવાહીની નોટિસને ગેરકાયદેસર ગણાવી રહ્યા છે. હાશ્મી પોલીસ પર આરોપ લગાવી રહ્યા છે કે આરોપી જેલમાં હોવા છતાં પ્રશાસન તેનું ઘર તોડી પાડવા માંગે છે.

તમને જણાવી દઈએ કે હિંસાના આરોપી અબ્દુલ હમીદના વકીલ પીડબ્લ્યુડી વિભાગની બુલડોઝર એક્શન નોટિસને ગેરકાયદે ગણાવી રહ્યા છે. પીડબલ્યુડી વિભાગે એક વર્ષ પહેલા ગેરકાયદેસર ધંધા અંગે આવી જ નોટિસ આપી હતી. ગેરકાયદે બાંધકામ કરનારા તમામ લોકોને આ નોટિસ આપવામાં આવી છે. તેમાં અબ્દુલ હમીદ પણ સામેલ હતો. તેમ છતાં કોઈએ ગેરકાયદે બાંધકામ દૂર કર્યું નથી.

# હું ૨૦૨૮ પહેલા ફરી મુખ્યમંત્રી બનીશ, જેડીએસ નેતા એચડી કુમારસ્વામી

બેંગ્લુરૂ,

કેન્દ્રીય સ્ટીલ મંત્રી અને જનતા દળ (સેક્યુલર)ના પ્રમુખ એચડી કુમારસ્વામીએ કર્ણાટકના મુખ્યમંત્રીને લઈને મોટો દાવો કર્યો છે. તેમણે ભવિષ્યવાણી કરી છે કે રાજ્યની કોંગ્રેસ સરકાર ટૂંક સમયમાં પડી જવાની છે. તેમણે વધુમાં દાવો કર્યો કે તેઓ ૨૦૨૮ પહેલા ફરી એકવાર કર્ણાટકના મુખ્યમંત્રી બનશે.

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીએ દાવો કર્યો છે કે તેઓ પયગંબર નથી. પરંતુ કોંગ્રેસની સરકાર ૨૦૨૮ સુધી નહીં ચાલે તે નિશ્ચિત છે. કુમારસ્વામીએ કોંગ્રેસ પાર્ટીની અંદરના અસંતોષને કારણે રાજ્ય સરકાર પતન થવાની આગાહી કરી છે.કેન્દ્રીય સ્ટીલ અને ભારે ઉદ્યોગ મંત્રીએ મંડ્યામાં પત્રકારો સાથે વાત કરતા કર્ણાટકને લઈને આ ભવિષ્યવાણી કરી છે. તેમણે કહ્યું, 'એ નિશ્ચિત છે કે આ સરકાર ૨૦૨૮ સુધી નહીં ચાલે. મને વિશ્વાસ છે કે લોકો મને વધુ એક તક આપશે અને હું ફરીથી મુખ્યમંત્રી બનીશ. કર્ણાટકના માંડ્યાના સાંસદે કહ્યું, 'મુખ્યમંત્રી બનવાની તક ૨૦૨૮ પહેલા આવશે. હું પયગંબર નથી, પરંતુ હું આ કહી રહ્યો છું.' વૃદ્ધજી નેતાએ કહ્યું, 'જો લોકો ઈચ્છે તો હું મુખ્યમંત્રી કેમ નહીં બનીશ? અત્યારે પણ હું લોકોને અપીલ કરી રહ્યો છું કે મને મુખ્યમંત્રી તરીકે પાંચ વર્ષનો કાર્યકાળ આપો.એચડી કુમારસ્વામી ૨૦૦૬ અને ૨૦૦૭ વચ્ચે અને ૨૦૧૮ અને ૨૦૧૯ વચ્ચે બે વખત કર્ણાટકના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. તેમના પિતા એચડી દેવગૌડા દેશના પૂર્વ વડાપ્રધાન હતા. કુમારસ્વામીએ ત્રણ વખત વિધાનસભાની ચૂંટણી અને ત્રણ વખત લોકસભાની ચૂંટણી જીતી છે. તેઓ ૧૯૯૬ની સામાન્ય ચૂંટણીમાં કનકપુરાથી જીતીને પ્રથમ વખત સાંસદ બન્યા હતા.

૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં, એચડી કુમારસ્વામીએ કર્ણાટકની માંડ્યા લોકસભા બેઠક પરથી ૨,૮૪,૬૨૦ મતોના માર્જિનથી રેકોર્ડ જીત નોંધાવી હતી. તેમણે આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર વેંકટરામન ગૌડાને હરાવ્યા હતા. એચડી કુમારસ્વામીને કુલ ૮૫૧,૮૮૧ વોટ મળ્યા.

## આપની આજ.......

મેષ: આજે મજબૂત આર્થિક બાજુના કારણે માન, કીર્તિ અને પ્રસિદ્ધિમાં વધારો થશે. અટકેલું કામ પૂરું થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

વૃષભ: તમને અન્યની મદદ કરવાથી રાહત મળશે, આજનો દિવસ દાનમાં વિતાવશો. વિદ્યાર્થીઓને તેમની તૈયારીઓ સુધારવાની તક મળશે. કાર્યક્ષેત્રમાં તમારી તરફેણમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, જેના કારણે સહકર્મીઓનો મૂડ પરેશાન થઈ શકે છે.

મિથુન: આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થશે. સાંસારિક આનંદ માણવાના સાધનોમાં વધારો થશે. રોજગાર માટે પ્રયત્ન કરતા લોકોને સારા સમાચાર મળશે. આજે કોઈ સંબંધીને કારણે ટેન્શન વધી શકે છે.

કર્ક: આજનો દિવસ પરિવારના સભ્યો સાથે આનંદદાયક રહેશે અને કેટલાક શુભ કાર્યનું આયોજન થઈ શકે છે. ભાગ્ય તમારો સાથ આપશે, બપોર સુધીમાં તમને સારા સમાચાર પણ મળશે. રાજકીય ધન મળશે પણ ખર્ચા પર નજર રાખો.

સિંહ: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી વસ્તુ કે મિલકત મેળવવાની ઈચ્છા આજે પૂરી થશે. કાર્યક્ષેત્રમાં વધુ વ્યસ્તતા રહેશે. બિનજરૂરી ખર્ચા ટાળો, નહીં તો આર્થિક સંતુલન બગડી શકે છે.

કન્યા: આજે વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે. કૌટુંબિક સંપર્કો લાભદાયી રહેશે. વ્યવસાયમાં યોગ્ય સમયે લેવામાં આવેલા નિર્ણયો અસરકારક સાબિત થશે.

તુલા: વ્યાવસાયિક વ્યસ્તતા વધારે રહેશે અને વિવાદો પણ ઉકેલાશે. વિદ્યાર્થીઓને તેમની એકાગ્રતા જાળવવા માટે વધુ પ્રયત્નોની જરૂર પડશે. મોટી રકમની પ્રાપ્તિને કારણે ફંડની સ્થિતિ મજબૂત થશે.

વૃશ્ચિક: વેપારના ક્ષેત્રમાં રોકાણ તમારા માટે ફાયદાકારક સાબિત થશે અને તમે તમારા હરીફો માટે માથાનો દુ:ખાવો બની રહેશો. રાજ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોનું સન્માન વધશે.

ધન: રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. વેપાર યોજનાઓ વેગ પકડશે અને સ્પર્ધાના ક્ષેત્રમાં આગળ વધશો, અટકેલા કામ પણ પૂર્ણ થશે. પાચન ધીમું છે અને આંખની સમસ્યા શક્ય છે.

મકર: માતાની તબિયત અચાનક બગડતા થવાના ભાગવાની સ્થિતિ અને વધુ ખર્ચ થઈ શકે છે. વિદ્યાર્થીઓએ સફળતા મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે. મિલકત ખરીદવા અને વેચતા પહેલા, મિલકતના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો.

કુંભ: વિવાહિત જીવન આનંદમય રહેશે. આજે નજીક અને દૂર પણ સકારાત્મક યાત્રા થઈ શકે છે. પારિવારિક વ્યવસાયમાં વધતી પ્રગતિથી ઘણી ખુશી મળશે. માતા-પિતાની સલાહ અને આશીર્વાદ ઉપયોગી સાબિત થશે.

મીન: વ્યાપાર ક્ષેત્રે મનનો સાનુકૂળ લાભ મળવાથી સુખ રહેશો. આર્થિક સ્થિતિ અપેક્ષા કરતા વધુ મજબૂત બનશે. રોજગાર બદલવાની યોજના છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સફળતા મળશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


# વેપારીઓના ધંધા, ચોપાટ થવાના આરે ? ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર, ધંધા વધ્યા

દાહોદ,
દિવાળીના તહેવારોને હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. ત્યારે આવા સમયે ખાસ કરીને દાહોદ શહેરના બજારોમાં ખાસ એવી ચહલ પહલ જોવા મળી રહી નથી. નાનાથી લઈ મોટા તમામ વેપારીઓએ પોત પોતાની દુકાનોમાં તહેવારને અનુલક્ષીને માલસામાન ભરી દીધો છે, પરંતુ ઘરાકી જોવા ન મળતાં તેઓ પણ હાલ વેપારીઓમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે દિવાળીના ચાર, પાંચ દિવસ એટલે કે, અગીયારથી ઘરાકી જોવા મળશે તેવું વેપારીઓ માની રહ્યાં છે.

દાહોદ શહેરમાં દોઢેક વર્ષ પહેલા સ્માર્ટ સીટી અંતર્ગત શહેરના મોટા ભાગના ગેરકાયદેસ દબાણો દુર કરવામાં આવ્યાં હતાં. જેમાં મોટા ભાગે ગોધરા રોડ થી લઈ દાહોદ શહેરના હાર્દ સમા એવા સ્ટેશન રોડ વિગેરે જેવા વિસ્તારોમાં ગેરદાયદેસર દબાણો દુર કરવામાં આવ્યાં હતાં. જેમાં મોટા ભાગે લોકોના વેપાર, ધંધા પર તંત્રનું બુલડોઝર ફરી વળતાં હાલ પણ આવા વેપારીઓ વેપાર, ધંધા વિહોણા બની ગયાં છે. દાહોદ શહેરમાં પહેલા જેવા વેપાર, ધંધાઓ ધમધમતા જોવા મળતાં નથી. તંત્રની દબાણો દુર કરવાની કામગીરી બાદ વેપાર, ધંધા ગુમાવી બેઠેલા ઘણા વેપારીઓએ દાહોદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ સરહદી વિસ્તારોમાં પોતાના નાના પાયે વેપાર, ધંધા શરૂ કર્યા છે, તેમાંય મોટા ભાગને વેપારીઓ તો ઘર બેઠા અને ઘણા વેપારીઓ તો બીજાને ત્યાં નોકરી કરવા મજબુર બન્યાં છે. આવા વેપારીઓની હાલત હાલ અત્યંત કફોડી બની છે. અવાર નવાર વેપારી સંગઠન દ્વારા દાહોદના સંબંધિત તંત્ર તેમજ સત્તાધારી રાજકીય પક્ષને પોતાને વેપાર, ધંધા કરવા માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરી આપવામાં આવે તે માટે અનેકવાર રજુઆતો કરવામાં આવી હતી. પરંતુ તેઓની રજુઆતોને દોઢ વર્ષ વિતી ગયો પરંતુ આજદિન સુધી આ દિશામાં કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. ત્યારે આ વર્ષે દિવાળીનો માહોલ પણ દાહોદ શહેરમાં ફિક્કો જોવા મળી રહ્યો છે. સરકારી બાબુઓ સિવાય દાહોદવાસીઓ દિવાળી જેવા તહેવારને લઈ ચિંતામાં જોવા મળી રહ્યાં છે. કારણ કે, દાહોદ શહેરમાં એકપછી એક મસમોટા કૌંભાંડોની ભરમાર ચાલુ રહેતાં અને તેમાંય ખાસ કરીને નકલી જમીન એનએન પ્રકરણ બાદ તો દાહોદનો રીયલ એસ્ટેસ ઉદ્યોગ પડી ભાંગ્યો છે. રીયલ એસ્ટેસમાં જોડાયેલ મજુરો, શ્રમીકો, નિર્દોષ બિલ્ડરો, કોન્ટ્રાક્ટરોની હાલત કફોડી બની છે. આવા સમયે ખાસ કરીને આગામી દિવાળી જેવા તહેવારને લઈ સૌ કોઈ ચિંતામાં જોવા મળી રહ્યાં છે. દાહોદમાં પહેલા જેવો વેપાર, ધંધો ન હોવાને કારણે હવે લોકોની તહેવારને લઈ ખરીદીની રૂચી પણ જોવા મળતી નથી. લોકો ખરીદી માટે મોટા મોટા શહેરો તરફ વળ્યાં છે. તેમાંય ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગીય લોકો માટે નજીકી ખરીદીની આશા સાથે શહેરમાંથી ખરીદી કરવા મજબુર બન્યાં છે. તેમાંય દાહોદ શહેરમાં જ્યારથી વેપાર, ધંધા ભાંગી પડ્યા, ત્યારે બાદ દાહોદના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તમામ ચીજવસ્તુઓના વેપાર, ધંધા શરૂ થઈ જતાં દાહોદ શહેરના વેપારીઓ જે ગ્રામીણોની ખરીદી પર નિર્ભર રહેતા હતાં તેઓનો પણ વેપાર, ધંધો ભાંગી પડ્યો છે. આવા સમયે તેમ છતાંય આવનાર દિવાળીના તહેવારને અનુલક્ષીને દાહોદ શહેરમાં બચેલા વેપારીઓએ દ્વારા પોતપોતાના રોજગાર, ધંધામાં માલસામાન ભરાવી દીધાં છે, પરંતુ હવે જ્યારે દિવાળીને માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. ત્યારે આવા સમયે પણ ખરાકી જોવા ન મળતાં વેપારીઓ પણ ચિંતામાં છે. પહેલા દિવાળીના મહિના પહેલા અથવા તો ૧૫ દિવસ પહેલા દાહોદ શહેરના વેપાર, ધંધામાં તેજી જોવા મળતી હતી. હવે માત્ર દિવાળીના ગણતરીના દિવસોમાં એટલે કે, અગીયારથી લોકો ખરીદી કરશે તેવી આશા વેપારીઓ કરી રહ્યાં છે.

## દાહોદના વાતાવરણમા પલટો : વીજળીના કડાકા ભડાકા સાથે લીમડીમાં ધોધમાર વરસાદ, રોડ રસ્તા પર પાણી વહી નીકળ્યાં



દાહોદ,
દાહોદ જીલ્લાના વાતાવરણમાં આકસ્મિક પલટો આવ્યો હતો. વીજળીના કડાકા ભડાકા સાથે લીમડી પંથકમા ધોધમાર વરસાદ શરૂ થતા વાતાવરણમા ઠંડક પ્રસરી હતી.

ગુજરાતમાં આસોમા અષાઢી માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી બે દિવસ ભારે વરસાદ વરસી શકે છે. ત્યારે ગત સાંજના સમયથી વાદળછાયુ વાતાવરણ છવાયેલુ જોવા મળી રહ્યું હતું. ત્યારે દાહોદના વાતાવરણમા એકાએક પલટો આવ્યો હતો અને લીમડી પંથકમા રાતના ૯:૦૦ વાગ્યાથી વીજળીના કડાકા ભડાકા અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જેના કારણે રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. વરસાદ વરસતા વાતાવરણમા ઠંડક પ્રસરી જવા પામી હતી.

## દે.બારીયા શહેર માંથી પસાર થતો પાવાગઢ હાઈવે રોડનું આખરે સમારકાર્ય હાથ ધરાયું

દે.બારીયા,
દે.બારીયા શહેર માંથી પસાર થતો માર્ગ અને મકાન વિભાગનો હાઈવે રોડ ૧૦ વર્ષ અગાઉ નવો બનાવ્યો હતો. ત્યારબાદ આ રોડનું નવિનીકરણ થયું નથી. માત્ર સમારકામ કરીને આ રોડને ચમકાવી રાખવામાં આવે છે. આ વર્ષના મુશળધાર મોન્સુનના કારણે આ રોડ પર મસમોટા ખાડા પડી ગયા હોવાના કારણે પાવાગઢના યાત્રાળુઓને આ રોડ ઉપર પસાર થવામાં મુશ્કેલીઓનો વારો હતો. હાલમાં આ રોડનું સંચાગલીના નાકે થી ભે દરવાજા સુધી પેચ રોડ એટલે ડામર અને કપચી થી ખાલી થીગળા થીળગી થઈ રહી છે. ૧૨ વર્ષ જુના બનેલા રોડને સમારકાર્ય કરીને વાહન માલિકો કે જેઓ રોડ ટેકસના રૂપે કરોડો રૂપીયા ભરે છે. તેમ છતાં તેમને નવો રોડ ૧૦-૧૨ વર્ષ બાદ પણ નવિન રોડનો ખ્વાબ પુરો થયો નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેર માંથી પસાર થતો રોડ માર્ગ અને મકાન વિભાગ લીમખેડા સ્થિત કચેરી હસ્તક આવતો રોડ જેના પર ખુબ મોટા ખાડા પડી ગયા હતા. તેના કારણે વાહન માલિકોને વાહનોમાં મોટી નુકશાનની વેઠી છે. તો પણ હજુ રીપેરીંગ સાથે થીંગળા થીંગળી ૧૦ વર્ષ પહેલા બનેલો રોડ હાલમાં પણ નિવીનીકરણ નહિ જ થઈ રહ્યું. આમ તો નિયમો અનુસાર જે પણ રોડ નવો બને તેને ત્રણ વર્ષ સુધી તેનું સમારકાર્ય કરવા બંધાયેલો હોય છે. આ રોડને નવો બનાવે ૧૨ વર્ષ વિતવા આવ્યા તેમ છતાં નવો રોડ નહી માત્ર સમારકાર્ય થઈ રહ્યું છે. વાહન ચાલકો અને માલિકો કરોડો રૂપીયા રોડ ટેકસના ભરે છે. તેમ છતાં તેમના ટેકના ભરેલા નાણાં એળે જાય છે. દર ત્રણ વર્ષ નવો રોડ બને તેના માટે કોણ કહેશે તે યક્ષ પ્રશ્ન છે.

## દાહોદ દર્પણ રોડ પર બેંક કેરિયર એકેડેમી નો પ્રારંભ કરાયો



દાહોદ,
બેંક કેરિયર એકેડેમીમાં નોકરી ઈચ્છુક યુવાનો, યુવતીઓ માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નોકરી અર્થે બહાર પડતી જાહેરાતોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે પ્રારંભ થનાર એકેડેમીનો શુભારંભ નિવૃત્ત બેંક મેનેજર હીરાલાલ સોલંકી, સામાજીક કાર્યકર કેતનભાઈ બામણિયા, ઈ.ડી.પી. ઓફિસર રતનસિંગ બામણિયા, એડવોકેટ મનોજભાઈ બારિયા દ્વારા કરાયો હતો. એકેડેમીના પ્રારંભમાં ઉત્સાહી યુવક, યુવતીઓ મોટા પ્રમાણમાં ઉપસ્થિતિ આપી હતી. એકેડેમીની સમગ્ર વ્યવસ્થા સુરમલ ભુરીયા દ્વારા અને ડેમો લેક્ચર લલિત ડામોર દ્વારા આપવામાં આવ્યું હતું.

## ઝાલોદ બસ સ્ટેશન ખાતે વ્યસન મુકિત અંગે ડ્રાઈવર કંડકટરને માર્ગ દર્શન આપવામાં આવ્યું



ઝાલોદ,
ઝાલોદ નગરના બસ સ્ટેશન ખાતે એસ.ટી ડેપો મેનેજરના નિદર્શન થી એક વ્યસન મુક્તિ કાર્યક્રમ બ્રહ્માકુમારીઝના મીતા દીદી દ્વારા રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં એ.ટી.આઈ રાજૂ ભાઈ સહિત તમામ એસ.ટીના કર્મચારીઓ તેમજ ડ્રાઈવર કંડક્ટર હાજર રહ્યા હતા. મીતા દીદી દ્વારા દરેક ડ્રાઈવર કંડક્ટર ને વ્યસન કરવાથી પરિવાર અને પોતાના જીવનને થતાં નુકશાન વિશે ઝીણવટભરી માહિતી આપી હતી. મીતા દીદીએ વિશેષમાં સમજાવતા કહ્યું કે દરેક માનવી એ મન મક્કમ રાખવું જોઈએ, જ્યારે કોઈ પણ વ્યક્તિનું મનોબળ તૂટે ત્યારે તે વ્યસન કરવા પ્રેરાય છે અને ધીરે ધીરે તે વ્યક્તિ વ્યસનનો આદિ થતો જ્યારે છે અને જ્યારે માનવી વ્યસન કરતો થાય ત્યારે વ્યક્તિના જીવનની શારીરિક, માનસિક અને આર્થિક સ્થિતિ નબળી થતી જાય છે. બ્રહ્માકુમારીઝના મીતા દીદી દ્વારા ઉપસ્થિત દરેક વ્યક્તિઓને વ્યસન ન કરે તે માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. જેથી વ્યસન થકી થતી કેન્સર જેવી ગંભીર બીમારીઓ થી બચી શકાય.

## ગરબાડા તાલુકાના ભીલવા ગામે બંધ મકાને તસ્કરો નિશાન બનાવ્યા



ગરબાડા,
ગરબાડા તાલુકાના ભીલવા ગામ ખાતે આવેલા નદી ફળિયામાં અજાણ્યા ચોર ઈસમો એ બે બંધ મકાનને નિશાન બનાવ્યા હતા. અજાણ્યા ઈસમો દરવાજાનો લોક તોડીને ઘરમાં પ્રવેશ્યા હતા. મળતી વિગતો અનુસારનદી ફળિયામાં રહેતા રમણભાઈ તેમજ માસમભાઈ ના મકાનના ઘરનાં દરવાજાનો લોક તોડીને અજાણ્યા ચોર ઈસમો ઘરમાં પ્રવેશ્યા હતા અને ઘરમાં સામાન વેર વિખેર કરી ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઘરમાં રાખી મુકેલી તિજોરી તોડી તસ્કરો ચોરીને અંજામ આપ્યો હતો. જેમાં તેઓને કાંઈ નહીં મળતા તેઓ ઘરમાં રાખેલ ઘઉંના પીપડા માનું અનાજ ઢોળી તેમજ ઘરની અંદર મુકેલો સામાન વેર વિકેર કરીને નાસી છૂટચા હતા. ચોર અંગેની જાણ ગરબાડા પોલીસને પણ કરવામાં આવી હતી. ઉલેખનીય છે કે, ગરબાડા તાલુકાના ભીલવા ગામમાં છેલ્લા ૧ માસમાં આ ચોરીનો ચોથો બનાવ બનવા પામ્યો છે. જેમાં અગાઉ અજાણ્યા ઈસમો દ્વારા એક સાથે ત્રણ ઘરના તાળા તોડ્યા હતા. ૧ માસમાં માં ૪ ચોરીનો બનાવ બનતા ગામ લોકોમાં ભયનો માહોલ ફેલાઈ જવા પામ્યો. બંન્ને મકાન માલિક પોતાનું ગુજરાન ચલાવવા મજુરી કામ અર્થે બહાર ગામ હોવાથી કેટલુ ચોરાયું તેનો અંદાજ જાણી શકાયો નથી.તસ્કરો ને જાણે પોલીસ નૌ કોઈ પણ જાતના ડર ના હોય તેમ એકજ ગામમાં ચાર-ચાર વખત ચોરીની ઘટનાને અંજામ આપી હતી. હાલમાં ગરબાડા નેશનલ હાઈવે પર લાગેલ સ્ટ્રીટ લાઈટના કેબલ પણ ચોરો કાપી લય ગયા હતા. જેના કારણે હાઈવે વિસ્તારમાં આજે પણ અંધારપટ છવાયેલો છે.

## મહિલાઓ નિર્મિત ઉત્પાદનોને પ્લેટ ફોર્મ મળ્યું



દાહોદ,
દાહોદ શહેરમાં દાહોદ નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રધ્ધા ભડંગ દ્વારા મહિલા સશક્તિકરણની ગતિને વેગ આપવાના પ્રયાસ સાથે દાહોદમાં સૌ પ્રથમ વખત હેન્ડીક્રાફ્ટ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓ દ્વારા હાથથી બનાવેલ અવનવી ડિઝાઈનની ચીજવસ્તુઓના વેચાણ માટે અને મહિલાઓના આ ઉદ્યોગને પ્રોત્સાહન મળે તેમજ આ પ્રોત્સાહન થતી મહિલાઓ પગભેર ઉભી રહે તે માટે દાહોદ શહેરમાં ૨૦ ઓક્ટોમ્બર રવિવારના રોજ પ્રસંગ પાર્ટી પ્લોટ, ગોવિંદનગર, દાહોદ ખાતે ખુશીઓની આતિશબાજી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લઘુ ઉદ્યોગ સાહસિક મહિલાઓએ લાભ લીધો હતો.

દાહોદ જીલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જીલ્લો છે. તેમાંય ખાસ કરીને આદિવાસી સમાજથી લઈ અન્ય જાતિની મહિલાઓ પગભર ઉભી રહી પોતાના સ્વાભિમાન સાથે સમાજમાં નામના મેળવે તે માટે શહેર સહિત જીલ્લામાં અનેક કાર્યક્રમો યોજાતાં હોય છે. ત્યારે મહિલા સશકિતકરણની ગતિને વેગ આપવાના પ્રયાસ સાથે ખુશીઓની આતિશબાજી હેન્ડીકાફ્ટ મેળાનું આયોજન દાહોદ નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રધ્ધા ભડંગ દ્વારા દાહોદ શહેરના પ્રસંગ પાર્ટી પ્લોટ, ગોવિંદનગર ખાતે તારીખ ૨૦મી ઓક્ટોમ્બરના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદઘાટન બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલના સેક્રેટરી યુસુફીભાઈ કાપડીયા અને દિવ્યાંગ બાળકોના હસ્તે કરાયું હતું. આ મેળામાં દાહોદ શહેરમાં પ્રથમ વખત ઘરેથી ઉદ્યોગ કરતી મહિલાઓને પ્લેટફોર્મ આપવાના હેતુથી બહેનો દ્વારા, બહેનો માટે હેન્ડીક્રાફ્ટ મેળો જેમાં બામ્બુ, લિપણ આર્ટ, હેન્ડીક્રાફ્ટ, સાડી, ડ્રેસ, જ્વેલરી, નાસ્તા અને દિવાળીને લગતી બીજી બધી વસ્તુઓ એકજ સ્થળે ઉપલબ્ધ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ થી ૩૫ મહિલાઓએ ૧૬ જેટલા સ્ટોલ લગાવ્યા હતા અને જેનો તમામ ખર્ચ શ્રધ્ધા ભડંગે ઉઠાવીને એક મહિલા પ્રતિનિધિ હોવાની નૈતિક ફરજ નિભાવી હતી. હાલ જ્યાં દિવાળીનો સમય છે ત્યારે લોકો મોટા, મોટા શો-રૂમ, દુકાનો માંથી મોંઘીદાટ આવી ચીજવસ્તુઓની ખરીદી કરતાં હોય છે. ત્યારે હેન્ડીક્રાફ્ટ થતી પોતાનું ગુજરાન ચલાવતી આવા ઉદ્યોગો થકી બહેનો દ્વારા ભારતની સંસ્કૃતિને ઉજાગર કરતી અને સંસ્કૃતિને ખરા અર્થમાં લોકો સમક્ષ રજુ કરતાં આવા ઉદ્યોગોને ખરેખર પ્રોત્સાહન મળવું જોઈએ. જેથી દિવાળી સહિત અન્ય તહેવારોમાં આવા ઉદ્યોગો સાથે જોડાયેલ મહિલાઓનો પણ તહેવાર સાથા અર્થમાં ખુશીઓથી છલકાઈ જાય તેમ છે.

## દાહોદના આગાવાડ ગામે શાળાએ જતી સગીરાની છેડતી કરતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના આગાવાડા ગામે એક ૧૩ વર્ષિય સગીરા શાળાએ જતી હતી. તે સમયે એક યુવકે સગીરાને રસ્તામાં રોકી સગીરાને અપશબ્દો બોલી છેડતી કરતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૮મી ઓક્ટોમ્બરના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષિય સગીરા શાળાએ જતી હતી તે સમયે ગરબાડાના ભે ગામે રહેતો વિપુલભાઈ ગલીયાભાઈ ભુરીયાએ ૧૩ વર્ષિય સગીરાને રસ્તામાં રોકી અપશબ્દો બોલી, છેડછાડ કરી, જાતિય ટીપ્પણી કરતાં આ અંગેની જાણ સગીરાએ પોતાના પરિવારજનોને કરતાં આ સંબંધે સગીરા પિતા દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદના થાળા ગામે તળાવમાં નાહવા પડેલ યુવકનું ડુબી જતાં મોત

દાહોદ,
દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના થાળા ગામે એક ૧૧ વર્ષિય યુવક ગામમાં આવેલ એક સિંચાળ તળાવમાં નાહવા પડતાં તળાવના ઉંડા પાણીમાં યુવક ગરકાવ થઈ જતાં યુવકનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

સીંગવડના મુનાવાણી ગામે મકવાણા ફળિયામાં રહેતાં ૧૧ વર્ષિય સાવજભઆઈ મહેન્દ્રભાઈ મકવાણા ઝાલોદના થાળા ગામે પોતાના સ્વજનને ત્યાં આવ્યાં હતા. ત્યારે ગત તા.૧૯મી ઓક્ટોમ્બરના રોજ ૧૧ વર્ષિય સાવજભાઈ થાળા ગામે આવેલ સિંચાળ તળાવમાં નાહવા પડ્યાં હતા. ત્યારે તળાવના ઉંડા પાણીમાં સાવજભાઈ ગરકાવ થઈ જતાં ત્યારે આ અંગેની જાણ સ્થાનીક લોકોને થતાં લોકટોળા ઘટના સ્થળે ઉમડી પડ્યાં હતાં. ઘટનાની જાણ પરિવારજનો તેમજ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં તેઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયાં હતાં જ્યાં પોલીસે યુવકના મૃતદેહને સિંચાળ તળાવમાંથી બહાર કાઢી નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે મૃતક સાવજભાઈના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આ સંબંધે મહેન્દ્રભાઈ દવાલસિંગ મકવાણાએ લીમડી પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડાના ખીરખાઈ ગામે ખેતરનો શેઢો ખેડી નાખવા મામલે બે ઈસમો મારમારતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ખીરખાઈ ગામે ખેતરનો શેઢો ખેડી નાંખવા મામલે થયેલ ઝઘડા તકરારમાં મહિલા સહિત બે જેટલા ઈસમોએ પોતાના હાથમાં કુહાડી તેમજ લોખંડની પાઈપ સાથે દોડી આવી બે વ્યક્તિઓને હથિયારો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૭મી ઓક્ટોમ્બરના રોજ રમેશભાઈ બીજલભાઈ બારીયા તથા સુરેખાબેન રમેશભાઈ બારીયા (બંન્ને રહે. ખીરખાઈ, તાડ ફળિયા, તા. લીમખેડા, જી.દાહોદ), નાઓએ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાના હાથમાં કુહાડી, લોખંડની પાઈપ સાથે લાવી લીમખેડાના ખીરખાઈ ગામે તાડ ફળિયામાં રહેતાં કેશાભાઈ ભોદુભાઈ બારીયા તથા ઈશ્વરભાઈ દિલીપભાઈ બારીયા પાસે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અમારા ખેતરનો શેઢો કેમ ખેડી નાંખેલ છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ કુહાડી વડે, લોખંડની પાઈપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી બંન્નેને શરીરે, હાથે પગે તેમજ શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે કાંતાબેન દિલીપભાઈ બારીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડાના સરજુમી ગામે ટ્રક ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક ચાલકનું મોત

દાહોદ,
દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના સરજુમી ગામે એક ટ્રકના ચાલકે એક મોટરસાઈકલના ચાલકને અડફેટમાં લેતાં મોટરસાઈકલના ચાલરને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળે મોત નીપજતાં તહેવાર ટાણે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

ગત તા.૧૯મી ઓક્ટોમ્બરના રોજ લીમખેડાના શાષ્ટા ગામે સરજુમી ચોકડી નજીક રોડ પર એક ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. ત્યારે તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા ૩૯ વર્ષિય રમસુભાઈ ચતુરભાઈ આમલીયા (રહે. પાડળીયા, આમલીયાર ફળિયા, તા.લીમખેડા, જી.દાહોદ)ની મોટરસાઈકલને ટ્રકના ચાલકે પાછળથી જોશભેર ટક્કર મારતાં રમસુભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતાં અને જમીન પર પટકાતાની સાથે ટ્રકનું ટાયર રમસુભાઈના માથા પર ફરી વળતાં તેઓનું સ્થળ પર મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. જ્યાં મૃતક રમસુભાઈના મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે પરિવારજનોમાં તહેવાર ટાણે ગમગીની છવાઈ ગઈ હતી.આ સંબંધે કુસુમબેન રમસુભાઈ આમલીયાર દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પિતા-પુત્રીના સંબંધોને શર્મશાર કરતી ઘટના દાહોદ જીલ્લામાં પિતાએજ દીકરી પર દુષ્કર્મ આચર્યું હોવાની પોલીસ ફરિયાદ પેંથકમાં નરાધમ પિતા સામે ભારે ફિટકાર

દાહોદ,
દાહોદ જીલ્લાના એક ગામમાં બનેલી પિતા પુત્રીના સંબંધોને શર્મશાર કરતી ઘટના પોલીસ દફતરે નોંધાતા પોલીસે આ મામલે દુષ્કર્મનો ગુનો નોંધી આગળની કાર્યવાહી ધરી હોવાનું સત્તાવાર જાણવા મળ્યું છે. દાહોદ જીલ્લાના સિંગવડ તાલુકાની એક શાળામાં લંપટ આચાર્યએ પોતાની જ શાળાની પહેલા ધોરણમાં અભ્યાસ કરતી માસુમ બાળકી પર દાનત બગાડી મોઢું દબાવી શ્વાસ રૂંધાવીને મોતની ઘાટ ઉતાર્યાની શિક્ષણ જગતને કલંકિત કરતી તાજેતરમાં બનેલી ઘટનાનો કેસ હજી કોર્ટમાં ટેબલ પર આવવાની તૈયારીમાં છે. ત્યારે દાહોદ જીલ્લાના એક ગામમાં માનવતાને તેમજ પિતા પુત્રીના પવિત્ર સંબંધને તાર તાર કરતી બનેલી એક ઘટનામાં એક સગીરા પર તેના પિતા તથા ગામના એક સગીર દ્વારા દુષ્કર્મ આચર્યુ હોવાનું સામે આવતા જીલ્લા પંથકમાં નરાધમ પિતા સામે ભારે ફિટકાર વરસી રહ્યો છે. પિતા પુત્રીના સંબંધોને તાર તાર કરતી આ ઘટના પોલીસ ચોપડે નોંધાતા ઘટના અંગેની તપાસ પોલીસે હાથ ધરતા ઘટનામાં આરોપી દુષ્કર્મનો ભોગ બનેલ પીડિત સગીરાનો પિતા જ હોવાનું બહાર આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ મામલે દુષ્કર્મનો ભોગ બનેલ પીડિત સગીરાના પિતા તથા ગામના એક સગીર દ્વારા પીડિત સગીરા પર સગીરા પર દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવતા પોલીસે હાલ પીડીતાના નરાધમ પિતા તેમજ ગામના એક સગીર વિરૂદ્ધ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી આરોપીઓને પકડવાની તજવીજ હાથ ધરી છે. પિતા-પુત્રીના સંબંધોને શર્મશાર કરતી ઘટના પોલીસ દફતરે નોંધાતા પોલીસે આ મામલે દુષ્કર્મનો ગુનો નોંધી આગળની કાર્યવાહી ધરી છે.

## ગરબાડામાં બે અલગ અલગ ખેતર માંથી તસ્કરોએ પાણી ખેંચવાની મોટરની ચોરી કરી

દાહોદ,
દાહોદ જીલ્લાના ગરબાડા નગરમાં અજાણ્યા ચોર ઈસમોએ બે અલગ અલગ ખેતરમાં એકજ રાત્રીમાં પોતાનો કસબ અજમાવી ખેતરમાં મુકી રાખેલ પાણી ખેંચવાની મોટર, વાયર વિગેરે મળી કુલ રૂા.૨૪,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાંનું જાણવા મળે છે.

ચોરીના બંન્ને બનાવો ગરબાડાના નઢેલાવ ગામે બનવા પામ્યો હતો. જેમાં પ્રથમ બનાવ નઢેલાવ ગામે કાંગણી ફળિયામાં રહેતાં સુરેશભાઈ દિતાભાઈ ડામોરના ખેતરમાં બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૭મી ઓક્ટોમ્બરના રોજ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી સુરેશભાઈના ઘર નજીક આવેલ તેઓના ખેતરમાં આવેલ બોરમાંની સબમર્શિબલ પાણી ખેંચવાની મોટર નંગ.૧, પાઈપ, કેબલ વિગેરે મળી તસ્કરો રૂા.૧૪,૦૦૦ની મત્તાની ચોરી કરી નાસી જતાં આ સંબંધે સુરેશભાઈ દિતાભાઈ ડામોરે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ચોરીનો બીજો બનાવ ગરબાડાના નઢેલાવ ગામે કાંકણી ફળિયામાં બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૭મી ઓક્ટોમ્બરના રોજ ગામમાં રહેતાં ગનીયાભાઈ તેરીયાભાઈ ડામોરના ઘર નજીક આવેલ તેઓના ખેતરમાં આવેલ બોરમાંની સબમર્શિબલ મોટર નંગ.૧,, કેબલ વાયર મળી તસ્કરો કુલ રૂા.૧૧,૦૦૦ની ચોરી કરી નાસી જતાં આ સંબંધે ગનીયાભાઈ તેરીયાભાઈ ડામોરે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આમ, એકજ રાત્રીમાં એક ગામમાં બે ચોરીઓને અંજામ આપી અજાણ્યા તસ્કરો નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.52

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરાના બગીચા સામે સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈનનો ભંગ કરીને ગેરકાયદેસર ચાલતી ફટાકડાની દુકાનો બંધ કરવા જાગૃત નાગરીકની તંત્રને રજુઆત


ગોધરા,

ગુજરાતમાં જેટલી પણ મોટી માનવ સર્જિત હોનારતો થઈ છે, તે બધીજ હોનારતોમાં હજારો લોકોની જાનહાની થવામાં સરકારી તંત્રનો ભ્રષ્ટ્ચાર જ જવાબદાર હોય છે અને મોટી જાનહાનિ થયા પછી તપાસનું નાટક કરીને મરણજનાર વ્યક્તિના વારસોને બે -પાંચ લાખ વળતરની જાહેરાત અને સોગઠયા જેવા બે-ચાર અધિકારીઓ સામે પોલોસ ફરિયાદો કરીને તંત્ર પોતાની જવાબદારી માંથી છટકી જતો હોય છે અને રાજકારણીઓ મગરના આંસુ બતાવીને હોનારતો માટે અધિકારીઓને જવાબદાર બતાવીને પોતે છટકી જતા હોય છે. હાલમાંજ સુરતના ટ્યુશન ક્લાસ નું અગ્નિકાંડ . અને રાજકોટનું ગેમ્જોન માં થયેલ અગ્નીકાંડ માં ૩૫ જેટલા લોકો અગ્નીકાંડ માં બળીને ભડથું થઇ ગયા હતા અને તે સમયે સરકાર દ્વારા ફાયર સેફટીની મોટી મોટી વાતો કરવામાં આવેલી. તંત્ર ને ફાયર સેફટી માટે કડક કાર્યવાહી કરવા સૂચનો આપવામાં આવેલા હતા.

ભારતની સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યોની સરકારોને ફટાકડાના સંગ્રહ અને વેચાણ કરવા નીચે મુજબની ગાઈડ લાઈન આપેલી છે.

૧. ફટાકડાની દરેક દુકાનો વચ્ચે ૫ મીટરનું અંતર હોવું જોઈએ. એક બીજાને અડકીને દુકાનો ન આવેલ હોવી જોઈએ ૨. જાહેર રસ્તાથી ફટાકડાની દુકાનો ૧૦૦ મીટર દુર હોવી જોઈએ. ૩. ફટાકડાની દુકાનની ઉપર કે બાજુમાં જાહેર જનતાની અવર જવર હોય તેવું કોઈ ઘર કે દુકાનો ન હોવી જોઈએ. ૪. ફટાકડાની દુકાનોની નજીકમાં કોઈ સીડી કે દાદર ન હોવી જોઈએ. ઉપર મુજબની શરતોનું પાલન થાય તેવીજ જગ્યાએ ફટાકડાનું વેચાણ અને સંગ્રહ કરી શકાય. તેમ છતાં ગોધરામાં રાજકોટ ગેમ્જોન કરતા પણ મોટો અને ભયંકર અગ્નીકાંડ ગોધરાના બગીચા સામે આવેલી ફટાકડાની દુકાનોમાં સુપ્રીમ કોર્ટની ફટાકડાના વેચાણ અને સંગ્રહ કરવા માટે આપવામાં આવેલ ગાઈડ લાઈનનો ખુલ્લેઆમ ભંગ કરીને ગેરકાયદેસર લાયસન્સ વગર ૨૦ થી ૨૫ દુકાનોમાં કરોડો રૂપિયાના ફટાકડાનો ગેરકાયદેસર ધંધો ભ્રષ્ટાચારી તંત્રની રહેમ નજર ચાલી રહેલ છે. તંત્ર આંખ આડા કાન કરતો હોવાથી ગોધરા શહેરના જાગૃત નાગરિકો દ્વારા જીલ્લા કલેકટર, જીલ્લા પોલીસ વડા, ચીફ ઓફીસર નગર પાલિકા, એસડીએમ પ્રાંત કલેકટર, ડીઆઈજી પંચમહાલ જીલ્લા અને ગૃહ રાજ્ય મંત્રીને લેખિતમાં ગોધરાના બચીચા સામેની ફટાકડાની દુકાનોમાં સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈનનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે ચાલતી ફટાકડાની દુકાનો બંધ કરવા અને બધા ફટાકડાના વેપારીઓને ધંધો કરવા ફરજીયાત લાલબાગ મેદાનમાં દુકાન કરવા ફરજ પાડવા જાગૃત નાગરિકોએ તારીખ ૧૮.૯.૨૪ ના રોજ લેખિતમાં રજૂઆત કરેલ હોવા છતાં બગીચા સામે ખુલ્લેં આમ લોકોની જાનમાલ મિલકતના જોખમે ગેરકાયદેસર રીતે દુકાનો ચાલી રહેલ છે. ગેરકાયદેસર રીતે ફટાકડાનો ધંધો કરનાર વેપારીઓ સામે એકસપ્લોજીવ રૂલ્સ ૨૦૦૮ મુજબ કલમ ૮૪ ,૧૦૬, ૮૭, મુજબ અને એક્સપ્લોજીવ એક્ટની કલમ ૫, ૯, ૯બી, ૬ એ, તથા ભારતીય ન્યાય સહિતની કલમ ૨૮૭, ૨૮૮, ૧૨૫ મુજબ પોલીસ અને ફાયર વિભાગ ફરિયાદો કરીને ગુનેગારોને જેલમાં મોકલીને ફટાકડાનો માલ જપ્ત કરવાની અને દુકાનોસીલ કરવાની સતા છે અને તે કાયદામાં ગુનેગારોને ૩ વર્ષ સુધીની જેલની સજાની પણ જોગવાઈઓ છે. જાગૃત નાગરિકોની રજૂઆત થી તંત્ર તાત્કાલિક પગલા લે તે જરૂરી છે. રાજકોટ જેવો અગ્નીકાંડ બની ગયા પછી મોટી મોટી વાતો કરવાનો કોઈ અર્થ નથી.

# ગોધરામાં ફલાય ઓવર બ્રીજને ચર્ચ સર્કલ થી સિવિલ હોસ્પિટલ સુધી લંબાવાની મંજુરી મળી



ગોધરા,

ગોધરા શહેરમાં પ્રતિદિન વધતી ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ કરવા નગરજનો દ્વારા ગોધરા ધારાસભ્યને રજુઆત કરાઈ હતી. ધારાસભ્ય દ્વારા ગુજરાત સરકારમાં રજુઆત કરીને ચર્ચ સર્કલ થી સિવિલ હોસ્પિટલ સુધીનો ફલાય ઓવર મંજુરી મળતા ગોધરાની ટ્રાફિક સમસ્યાનો અંત આવશે.

ગોધરા શહેરમાં ભુરાવાવ ચાર રસ્તાથી રેલ્વે ઓવર બ્રીજ થઈ ગોધરા બસ સ્ટેન્ડ તથા લાલબાગ સ્ટેશન થી પ્રભા કોતર સુધી ફલાય ઓવરબ્રીજ મંજુર કરાવી ફલાય ઓવર બ્રીજની કામગીરી શરૂ કરવામાં આવી છે અને ફલાય ઓવરબ્રીજની કામગીરી પુરઝડપે કાર્યરત છે. આ ફલાય ઓવરબ્રીજ બનતા ગોધરા શહેરના પ્રવેશ દ્વાર થી દાહોદ રોડ સુધી વાહનો બારોબાર ફલાય ઓવર બ્રીજ ઉપરથી પસાર થતાં ટ્રાફિકનો ભાર હળવો થશે પરંતુ વડોદરા તરફ જતાં વાહનો ચર્ચ સર્કલ પાસે ટ્રાફિકની સમસ્યા મહદઅંશે રહી જતી હતી. ગોધરા શહેરની બહાર થી આવતા વાહનો અને ટ્રાફિક સમસ્યાના કાયમી નિરાકરણ માટે ગોધરા ચર્ચ સર્કલ થી સિવિલ હોસ્પિટલ સુધી ફલાય ઓવરબ્રીજ લંબાવી આપવા માટે ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી એ નગર પાલિકાને જરૂરી સુચનો કરી દરખાસ્ત કરવામાં આવી હતી અને રજુઆત પણ કરાઈ હતી. રજુઆત મુજબ શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ગોધરા શહેરમાં ચાલતી ફલાય ઓવર બ્રીજની લંબાઈ વધારે કરી બસ સ્ટેન્ડ થી રેલ્વે ઓવરબ્રીજ સુધી અને ચર્ચ સર્કલથી સિવિલ હોસ્પિટલ સુધી લંબાવી આપવાની મંજુરી આપવામાં આવી છે. હાલ ગોધરામાં ફલાય ઓવરની કામગીરી અંતર્ગત ગોધરા ભુરાવાવ ઓવર બ્રીજ ઉતરતા અતિથી હોટલ થી પોલીસ હેડકવાર્ટર ઓવર બ્રીજને જોડી અને ચર્ચ સર્કલથી સિવિલ હોસ્પિટલ સુધી ફલાય ઓવર બ્રીજની મંજુરી મળી જતાં ગોધરામાં ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ આવશે.

# ઘોઘંબામાં વિજયાદશમીના પર્વ નિમિત્તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકા મથકે વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘઅને શિવ શક્તિ મંડળ ઘોઘંબા દ્વારા નગર ખાતે પથ સંચાલન અને હિન્દુ સમાજ માટે શસ્ત્ર પૂજન કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં શિવ શક્તિ મંડળ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્વયંસેવકો સ્વયંભૂ રીતે ગણવેશ સાથે શિસ્ત બદ્ધ રીતે પથ સંચાલનમાં જોડાયા હતા.

બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ઘોઘંબાથી એસ.એચ.વરીયા હાઈસ્કુલ ઘોઘંબા સુધી તમામ સ્વયંસેવકોએ પથ સંચાલનમાં ભાગ લીધો હતો તથા આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં સ્વયંસેવકો સ્વયંભૂ રીતે ઉપસ્થિત રહી પથ સંચાલનમાં જોડાયા હતા.

સમગ્ર કાર્યક્રમ પંથ સંચાલન ઘોઘંબા નગરના મુખ્ય માર્ગ પરથી પસાર થતા તાલ, કદમ અને સંગીતના સથવારે લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું તથા નગરજનો દ્વારા પુષ્પ વર્ષા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ એસ.એચ.વરિયા હાઈસ્કૂલ ખાતે સમાપન કરવામાં આવ્યો હતો.

# ઘોઘંબા માર્કેટીંગ હોલ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ઘોઘંબા,

ઘોઘંબા માર્કેટિંગયાર્ડ હોલ ખાતે આજરોજ નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં તાલુકા તથા ઘોઘંબા નગરના ૨૦૦ જેટલા દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ઘોઘંબા ભારતીય જનતા પાર્ટી તથા આ આઈ.ટી.એમ. મેડિકલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે ઘોઘંબા એપીએમસી હોલ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં વિવિધ રોગોના નિષ્ણાંત ડોક્ટરોની ટીમે ઘોઘંબા તાલુકા તથા નગરમાંથી આવેલા દર્દીઓની તપાસ કરી તેમને તદ્દન મફત દવા ઉપલબ્ધ કરાવી હતી. ભાજપ દ્વારા યોજાયેલા નિશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ કાર્યક્રમ ઘનશ્યામ પરમાર ના દેખરેખ હેઠળ શાંતિપૂર્ણ રીતે સમાપન કરાયું હતું.

# હાલોલના ટપલાવાવ ગામે ચોકડી ઉપર ફોર વ્હિલ ચાલકે બાઈકને ટકકર મારતા બાઈક ચાલકનુ મોત

હાલોલ,

હાલોલ તાલુકાના ટપલાવાવ ગામે ચોકડી પાસે રોડ ઉપરથી ફોર વ્હિલ ચાલક પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવ્યો હતો અને મોટરસાયકલને સામેથી ટકકર મારી ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ તાલુકાના ટપલાવાવ ગામે ચોકડી ઉપર અજાણ્યા ફોર વ્હિલ ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી સામેથી આવતી બાઈક નં.જીજે-૧૭-બીજે-૪૦૮૧ને ટકકર મારી હતી. અને ચાલક રાહુલભાઈ રાજેશભાઈ બારીયા(ઉ.વ.૨૪, રહે.કંટેલી, હાલોલ)ને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા બાઈક ચાલકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# ઘોઘંબાના ખરડી નાળા પાસે ખાનગી વાનમાંથી વિદ્યાર્થીની પડી જતાં ગંભીર ઈજાઓ થતાં મોત

## એસ.ટી.બસની સુવિધાના અભાવે ખાનગી વાહનમાં જોખમી મુસાફરી કરવા વિદ્યાર્થીઓ મજબુર

ઘોઘંબા,

ઘોઘંબાના રીંછવાણી ખાતે સરદાર પટેલ હાઈસ્કુલમાં ધો-૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની અન્ય વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા પુરી થતાં ખાનગી વાહનમાં ઘરે જઈ રહ્યા હતા ત્યારે ઘોઘંબાના ખરડી નાળા પાસે વાનમાં પાછળ બેઠેલ ચાઠા ગામની વિદ્યાર્થીનીનુ ચાલુ વાનમાંથી પડી જતાં ગંભીર ઈજાઓ થતાં મોત નીપજયું હતુ. ખાનગી વાહનચાલકો મુસાફરોને ઘેટા-બકરાની જેમ ભરી જોખમી મુસાફરી કરાવતા હોય છે. એસ.ટી.બસની સુવિધાના અભાવે આવી જોખમી મુસાફરી કરવા વિદ્યાર્થીઓ મજબુર બને છે.

ઘોઘંબા તાલુકાના ચાઠાં ગામે રહેતી હિતરબેન પર્વતભાઈ બારીયા જે રીંછવાણી સરદાર પટેલ હાઈસ્કુલમાં ધો-૧૦માં અભ્યાસ કરતી હતી. ચાઠાં ગામની રીંછવાણી હાઈસ્કુલ ૧૦ કિ.મી.જેટલી દુર હોય તેમજ એસ.ટી.બસની સુવિધા ન હોવાથી હિતરબેન સહિતના ગામના વિદ્યાર્થીઓ રોજ ખાનગી વાનમાં અપડાઉન કરતા હતા. રીંછવાણી હાઈસ્કુલ સુધી એસ.ટી.બસની સુવિધાના અભાવે જીવના જોખમે વિદ્યાર્થીઓ માસિક ૮૦૦ રૂપિયામાં મુસાફરી કરતા હતા. હાલ હાઈસ્કુલમાં ધો-૧૦ની પરીક્ષા ચાલતી હોવાથી હિતરબેન સહિતના વિદ્યાર્થીઓ હાઈસ્કુલમાં પરીક્ષા આપી અને પેપર પુરૂ થતાં ખાનગી વાનમાં હિતરબેન સહિત ૨૩ વિદ્યાર્થીઓ બેસાડવામાં આવ્યા હતા. વાનના ચાલકે ઘેટા-બકરાની જેમ વિદ્યાર્થીઓ ભરેલ વાનનો પાછળનો દરવાજો ખુલ્લો રાખી બેફામ વાન હંકારતો હોય ત્યારે વાનમાં પાછળ બેઠેલ હિતરબેન ચાલુ વાનમાંથી અચાનક ઘોઘંબાના ખરડી નાળા પાસે પડી ગઈ હતી. ચાલુ વાનમાંથી રોડ ઉપર પટકાયેલ વિદ્યાર્થીની હિતરબેનને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. વાન ચાલક ઈજાગ્રસ્ત વિદ્યાર્થીનીને બોર ગામે દવાખાનામાં લઈ ગયો હતો. અને ત્યાંથી ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્ત વિદ્યાર્થીનીને ગોધરા સિવિલ હોસ્પિટલમાં લવાઈ હતી. જયાં હાજર તબીબો દ્વારા ઈજાગ્રસ્ત હિતરબેનને મૃત જાહેર કરી હતી. શાળાએથી ઘરે જતાં રસ્તામાં વિદ્યાર્થીની હિતરબેનના મોત થવાને લઈ સાથી વિદ્યાર્થીઓ ગમગીન બન્યા હતા. આ ઘટનામાં પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરાઈ હતી.

### ક્ષમતા કરતા વધારે વિદ્યાર્થીઓ બેસાડી મુસાફરી કરાવાતા વિદ્યાર્થીની ભોગ બની

ઘોઘંબા તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી.બસની સુવિધા ન હોવાથી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ મુસાફરોને ખાનગી વાહન માત્ર સહારો છે. ખાનગી વાહનચાલકો ઘેટા-બકરાની જેમ મુસાફરો ભરતા હોય ત્યારે જીવના જોખમે મુસાફરો કરવા મજબુર બને છે. ઘોઘંબાના ચાઠાં ગામથી રીંછવાણી હાઈસ્કુલમાં અભ્યાસ કરવા માટે એસ.ટી.સુવિધાના અભાવે વિદ્યાર્થીઓ ૮૦૦ રૂપિયા માસિક આપીને ખાનગી વાહનમાં મુસાફરી કરવા મજબુર છે. ખાનગી વાનમાં ૨૩ જેટલા વિદ્યાર્થીઓ બેસાડેલ હોવાથી વાનનો દરવાજો ખુલ્લો રાખતા ચાલુ વાનમાંથી વિદ્યાર્થીની રોડ ઉપર પટકાતા મોત નીપજયું છે. ખાનગી વાનમાં ૨૩ જેટલા વિદ્યાર્થીઓ ભરીને જોખમી મુસાફરી કાયમ કરાવાતી હોય તે આર.ટી.ઓ.ના નિયમનો ભંગ થતો હોય જો આર.ટી.ઓ.વિભાગ આવા જોખમી મુસાફરી કરાવતા ખાનગી વાહનો ઉપર તકેદારી રાખી હોત તો વિદ્યાર્થીનીનો જીવન બચી જવા પામ્યો હોત.

# ગોધરા (કસ્બા) રે.સર્વે નં.૧૫૧ પૈકીની જમીન ઈવેકયુ હોય તેમાં ભળતા નામથી વેચાણ થઇ તેની ખાતાકીય તપાસ કરી સરકાર હસ્તક કરાશે ?

પંચમહાલ સમાચાર

ગોધરા (કસ્બા)ના રે.સર્વે નં.૧૫૧ પૈકીવાળી જમીન માલિક બાઈ ફાતીમાબીબી તે અબ્દુલ મજીદ ઈબ્રાહીમ મણકીની દિકરી અને તેઓના ભાઇ મહંમદ અબ્દુલ મજીદ ઈબ્રાહીમ જે ૧૯૪૭માં પાકિસ્તાન ચાલ્યા ગયા હતા અને ૧૯૭૬માં ગુજરી ગયેલ હોય ત્યારે ભળતા નામની બાઇને ઉભી કરી ૧૯૯૦માં આરોપીઓ એકબીજાના મેળાપીપણામાં વેચાણ કરી ફોજદારી ગુનો કરેલ હોય ત્યારે આવી હિજરતી ઈવેકયુ જમીન ભળતા નામથી વેચાણ થયેલ હોય તેની તપાસ કરી સરકાર હસ્તક લેવામાં આવે તે જરૂરી છે.

ગોધરા (કસ્બા)ના રે.સર્વે નં.૧૫૧/પૈકીવાળી ૧૫૧/પૈકી ૩ અને ૧૫૧/પૈકી ૫ વાળી જમીનના માલિક બાઈ ફાતીમાબીબી તે અબ્દુલ મજીદ ઈબ્રાહીમ મણકીની દિકરી તથા તેઓના ભાઇ મહંમદ અબ્દુલ મજીદ ઈબ્રાહીમ જે ૧૯૪૭ માં પાકિસ્તાન ચાલ્યા ગયેલ હોય તેઓના સમાઇક ભાગ-ભાગીદારીની મિલ્કત તારીખ ૧૬/૧૧/૨૦૦૫ના રોજ ગોધરા નાયક કલેકટર એ નંબર જમન/ સા.ભા./એસ.આર.-૨/૨૦૨૪ થી મામલતદાર ગોધરાને પત્ર નંબરઃ જમન/વશી/૪૧૦૫/૦૪ તા.૧૮/૧૧/૨૦૦૪ અને સરકાર મહેસુલ વિભાગના પરિપત્ર નંબર :હકપ/૧૦૯૫/૨૭૦૪ તારીખ ૧૫/૦૩/૧૯૯૬થી વિગતવાર હુકમ કરેલ છે. ત્યારે આરોપીઓ સમરૂદ્દીન ગુલામ હુસેનવાલા, નફીમા સમરૂદ્દીન ગુલામ હુસેનવાલા, કમલેશકુમાર રમણલાલ મોદી, રૂપીના તે કમલેશકુમાર રમણલાલ મોદીએ ભળતા નામની બાઇ ફાતમા બેગમ નામ આપી આરોપીઓ સમરૂદ્દીન ગુલામ હુસેનવાલા અને નફીસા સમરૂદ્દીન ગુલામ હુસેનવાલાએ તા.૧૦/૦૯/૧૯૯૦ના રોજ ઈકબાલ અહેમદ એ. કુરેશી મારફતે ખાતુડા હુસૈન અબ્દુલ્લા અને ઈશહાક યુસુફ કાલુતાએ સાક્ષી તરીકે લઇ હીજરતી પાકિસ્તાન નાઓની રે.સર્વે નં.૧૫૧ પૈકીની હે.૨૩ ગુંઠા ૨૭ આકાર રૂા.૧.૫૫ પૈસાવાળી જમીન પૈકી હે. ૦ ગુંઠા ૧૧ ના ચો.મીટર ૭૬૦૦ની ચોરસ મીટર ૧૧૮૮.૨૫ની જમીન રજીસ્ટર નંબર ૨૭૯ના અનુક્રમ નંબર ૧૯૬૦ તા.૧૬/૦૯/૧૯૯૦નારોજ એકબીજાના મેળાપીપણામાં બોગસ વેચાણ આપનાર અને ખરીદનારે ગુન્હો કરેલ છે. ત્યારબાદ રજીસ્ટર નંબર ફ ૧૯૯૭ના અનુક્રમ નંબર ૧૬૨૭ તારીખ ૦૭/૦૫/ ૧૯૯૭ના રોજ કમલેશકુમાર રમણલાલ મોદી અને રૂચીતા કમલેશકુમાર મોદીએ પોતે તમામ હકીકત જાણતા હોવા છતાં જમીન ખરીદેલ છે.

ગોધરા (ક)ના રે.સર્વે નં.૧૫૧/પૈકી વાળી જમીન માલિક બાઈ ફાતમાબીબી અબ્દુલ મજીત ઈબ્રાહીમ મણકીની દિકરીનું પાકિસ્તાન કરાચીમાં ૨૦/૦૩/ ૧૯૭૬માં ગુજરી ગયેલ છે. તેમ છતાં હિજરતી મિલ્કતમાં ભળતા નામનો ઉપયોગ કરી ખોટી વ્યકિત ઉભી કરી મિલ્કતો ચાઉં કરાતી હોય છે. જેને લઈ ઈવેકયુ કલેકટર પંચમહાલ કલેકટર દ્વારા વીજીલેન્સ અને ખાતાકીય તપાસ કરાવી આવી બારોબાર ભળતા નામે વેચાણ થયેલ મિલ્કત સરકાર હસ્તક લેવામાં આવે તે જરૂરી છે.

# કાલોલના એરાલ ગામે બે જુથો વચ્ચે મારામારી : પાંચ વ્યકિતને ઈજાઓ

કાલોલ,

કાલોલ તાલુકાના એરાલ ગામમાં એક કોમના બે જુથો વચ્ચે મારક હથિયારો સાથે થયેલી અથડામણમાં બંને પક્ષોના પાંચ વ્યકિતઓને ઈજાઓ થઈ હતી. બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

એરાલ ગામમાં સર્જાયેલા ધિંગાણામાં વિરેન્દ્ર ભુપેન્દ્રસિંહ પરમારે વેજલપુર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ અનુસાર ગત વર્ષે ગણેશ વિસર્જનમાં પ્રસાદ બાબતે ઝઘડો થયો હતો. ત્યારે બંને પક્ષો વચ્ચે સામસામે ફરિયાદ થઈ હતી. ગત તા.૧૩મીએ સાંજે તેમના પિતરાઈ ભાઈ રણવીર પરમાર, રાજેન્દ્ર તથા દેવેન્દ્ર પરમાર સાથે બાઈક ઉપર ભાથીજી મંદિર ગયા હતા ત્યારે ત્યાં સામેના જુથનો હસપાલ પરમાર ત્યાં હતો. તે દરમિયાન ભીખાપુરા ગામ તરફથી આવેલી ઈકો કારમાં મંદિર ફળિયામાં રહેતા નવનીત સોમાભાઈ બારીયા, જીગ્નેશ કાંતિભાઈ બારીયા, સતીશ અરખમભાઈ બારીયા, રાજુ જામાભાઈ બારીયા, કૃષ્ણકુમાર જશવંતસિંહ બારીયા એ આવી લાકડી અને લોખંડની પાઈપ વડે હુમલો કરતા ચારેયને ઈજાઓ થતાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જે ઘટના અંગે પોલીસે નવ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી ત્રણની અટકાયત કરી હતી. જયારે સામે પક્ષે હસપાલ વિજય પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ તા.૧૩મી એ સાંજે હાલોલ ગયો હતો ત્યારે અજીતસિંહ ઉર્ફે જીમાએ ફોન કરી તેને એરાલ બસ સ્ટેન્ડ ઉપર બોલાવ્યો હતો. ત્યારબાદ રાત્રે તે ભાથીજી મંદિર પાસે પહોંચતા રણવીર મહેશભાઈ પરમાર, વિરેન્દ્ર ભુપેન્દ્રસિંહ પરમાર, દેવેન્દ્ર ભુપેન્દ્રસિંહ પરમાર તથા રાજેન્દ્ર મહેશભાઈ પરમારે તેને ઉભો રાખી ગાળો બોલી ગડદાપાટુનો માર મારતા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જે અંગે પોલીસે ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી.

# ગોધરા નજીકની પંચાયતોનો સમાવેશ બાદ પ્રાથમિક સુવિધા માટે ગ્રામજનો લોકફાળો ઉઘરાવવા મજબુર

ગોધરા,

ગોધરા પાલિકામાં નજીકની છ પંચાયતોનો સમાવેશ કરાયા બાદ પંચાયત વિસ્તારના લોકો પ્રાથમિક સુવિધા માટે પાલિકા અને ગ્રામ પંચાયતની ઓફિસ વચ્ચે ધકકા ખાઈ રહ્યા છે. ત્યારે કેટલાક લોકો પાયાની સુવિધાઓ લોકફાળાથી કરાવવા મજબુર બન્યા છે. જયારે ગંદકીની ભરમાર વચ્ચે રોગચાળાની દહેશત સેવાતી જોવા મળી રહી છે. ત્યારે પાલિકા દ્વારા પંચાયત વિસ્તારમાં કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

સરકાર દ્વારા પરીપત્ર કરાતા ગોધરા નજીકની છ પંચાયતોનો પાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તમામ પંચાયતોનો વહીવટ પાલિકા હસ્તક થયો હતો. જેમાં ગોધરા પાસે આવેલ રહેમતનગર અને કેપ્સુલ પ્લોટ સહિતના વિસ્તારો અગાઉ વણાંકપુર ગ્રામ પંચાયતમાં સમાવેશ થતો હતો. પણ પાલિકામાં આ વિસ્તારોના સમાવેશ બાદ આ વિસ્તારોમાં માર્ગની નવીનીકરણ, ગટરલાઈન તેમજ અન્ય કોઈપણ પાયાની સુવિધાઓની કામગીરી કરવામાં આવતી નથી. રહેમતનગર, કેપ્સુલ પ્લોટ તેમજ આસપાસની અનેક સોસાયટીઓમાં હાલ વરસેલા વરસાદના કારણે ભારે ગંદકી ફેલાતા સ્થાનિકો રોગચાળાની દહેશત વચ્ચે જીવી રહ્યા છે. સ્થાનિકો ગ્રામ પંચાયત કચેરીએ વિસ્તારની સમસ્યા અંગે રજુઆત કરવા જાય ત્યારે પાલિકામાં જવાનુ કહેવામાં આવે છે. જયારે પાલિકામાં કોઈની ફરિયાદ સાંભળવામાં આવતી નથી. ત્યારે લોકફાળા દ્વારા માટી પુરાણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પાછલા ઘણા સમયથી સ્થાનિકો પાલિકા હસ્તક ગ્રામ પંચાયત અને પાલિકા કચેરી વચ્ચે પીસાઈ રહી છે. જેને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે પાલિકા દ્વારા પંચાયતના વિસ્તારમાં કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# દેવરાજ વિદ્યા સેવા સંકુલ બી.એડ કોલેજ બેઢિયા(કાલોલ) ખાતે વ્યસન મુકિત કાર્યક્રમ યોજાયો




કાલોલ,

ભારત સરકાર દ્વારા યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય અંતર્ગત નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા, દેવરાજ વિદ્યા સેવા સંકુલ.બી.એડ કોલેજ બેઢીયા (કાલોલ) સંયુક્ત ઉપક્રેમ વ્યસન મુક્તિ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનોને પોતાના વિસ્તારમાં કેવી રીતે સુખી અને સમૃદ્ધ બનાવવું શિક્ષિત અને સંગઠિત બનાવવું તે માટે ચર્ચા અને આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં રાત દિવસ યુવાનોની ચિંતા કરતા ગામડે ગામડે ફરીને લોકોને વ્યસન અને ફેશનથી દૂર રહી અને શિક્ષણ અને સંસ્કારનું મહત્વ સમજાવતા દ્વારા ઉપસ્થિત તમામને સુખી જીવન જીવવાની ચાવી સાથે વ્યસન મુક્તિ શિક્ષણ સંસ્કાર ભક્તિ સમાજ સુધારણા જેવી બાબતોની ઉદાહરણ સાથે સમજ આપવામાં આવી. જેમાં રાષ્ટ્ર.સમાજની ઓળખ જીવનમાં આપણે સુખી અને આનંદિત રીતે જીવન જીવવું હોય તો બીજાની ભૂલો દેખવી નહીં સહનશકિત કેળવવી પોઝિટિવ વિચાર રાખવા શિક્ષણનું મહત્વ શિક્ષણ ની આપણા સમાજમાં શું સ્થિતિ છે. સંસ્કાર એટલે શું સંસ્કાર કેમ જરૂરી છે, વ્યસન એટલે શું વ્યસન કેવી રીતે માણસને વળગે છે, તેનાથી કેવી રીતે બચી શકાય વ્યસન કેવી રીતે છોડી શકાય સાથે વ્યસનથી થતું શારીરિક નુકસાન માનસિક નુકસાન અને આર્થિક નુકસાન બાબતે પણ દ્રષ્ટાંતો ઉદાહરણો અને પ્રમાણ સાથે માહિતી આપવામાં આવી. જેમાં એક લાખ રૂપિયાની બાઈકમાં ડીઝલ કે પાણી નાખતા નથી. કારણ કે તેનો એન્જિન બગડી જાય છે તેમ આપણી મહામૂલી ગાડીમાં હવા પાણી અને ખોરાક રૂપી પેટ્રોલની જરૂર છે પરંતુ આપણે તેમાં કચરો જ નાખીએ છીએ, જેથી આપણી ગાડીનું એન્જિન પણ એક દિવસ બગડી જશે માટે વ્યસન અને ફેશનથી દૂર રહો અને જો આપણે સમાજ. દેશની વિકાસ હરોળમાં આગળ વધવું પડશે જીવવું હશે તો વ્યસન અને ફેશન છોડી શિક્ષણને સંસ્કાર મેળવવા પડશે. જેના માટે તમામને હાકલ કરવામાં આવી સાથે એ પણ જણાવ્યું કે, બાળકના શિક્ષણની પાછળ કરેલું રોકાણ અનેકગણું થઈને વળતર રૂપે પાછું આવે છે અને વ્યસન અને ફેશન પાછળ કરેલો ખર્ચ કે રોકાણ આપણને એક દિવસ બરબાદ કરી નાખશે, ખતમ કરી નાખશે અને પૂરા કરી નાખશે જેવી બાબતોની માહિતી આપવામાં આવી. આ પ્રસંગે પોતાના જીવનમાં રહેલી એક ખરાબ બાબત અને એકાદ વ્યસન છોડી અને એક સારા સંસ્કારી અને સ્વસ્થ માણસ બનવાનો શુભ સંકલ્પ કરીને પ્રતિજ્ઞા.ટેપ્લેટ વિમોચન. પત્રિકા.વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જીલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈ ચોરમલે.કોલેજ, આચાર્ય શૈલેષ ચૌધરી. ડો.ગીરીશકુમાર ચૌહાણ તથા નશાબંધી કચેરીમાંથી એ.એન.પરમાર. પ્રવીણ ચારણ અને રાષ્ટ્રીય સેવા ક્રમી હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન અતુલભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું.

# મુકેશ અંબાણીએ બદ્રીનાથ-કેદારનાથ ધામની મુલાકાત લીધી, પ્રસાદ માટે ૫ કરોડ રૂપિયાનું દાન કર્યું

ચમોલી

પ્રખ્યાત ઉદ્યોગપતિ મુકેશ અંબાણી આજે ઉત્તરાખંડ પહોંચ્યા હતા. સવારે તેઓ પોતાના પ્રાઈવેટ પ્લેનમાં જલીગ્રાન્ટ એરપોર્ટ પહોંચ્યા હતા. અહીંથી તેઓ હેલિકોપ્ટર દ્વારા બદ્રીનાથ ધામ જવા રવાના થયા હતા. અહીં મ્દ્ભ્ઝ ના સભ્યોએ તેમનું સ્વાગત કર્યું. આ પછી તેમણે ધામની મુલાકાત લીધી હતી અને પ્રાર્થના કરી હતી. બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના સીઈઓ વિજય થાપલિયાલે જણાવ્યું હતું કે મુકેશ અંબાણીએ બદ્રીનાથ ધામમાં પ્રસાદ માટે ૨ કરોડ ૫૧ લાખ રૂપિયાની રકમ દાનમાં આપી હતી. તે જ સમયે, આ પછી તેઓ દર્શન માટે કેદારનાથ ધામ પહોંચ્યા. અહીં તેમણે બાબા કેદારની પૂજા કરી અને ૨ કરોડ ૫૧ લાખ રૂપિયાનું દાન કર્યું. બપોરે દર્શન કર્યા બાદ તેઓ મુંબઈ જવા રવાના થયા હતાં

તમને જણાવી દઈએ કે અંબાણી પરિવારને ભગવાન બદ્રીનાથ અને કેદારનાથ ધામમાં અપાર શ્રદ્ધા છે. મુકેશ અંબાણી અને તેમનો પરિવાર દર વર્ષે બદ્રીનાથ અને કેદારનાથ મંદિરોની મુલાકાત લે છે. તે જ સમયે, અનંત અંબાણી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના સભ્ય પણ રહી ચૂક્યા છે. મુકેશ અંબાણીના પરિવાર પણ વર્ષોથી બદ્રીનાથ અને કેદારનાથ ધામમાં પ્રસાદ માટે પૈસા આપે છે.